
સંતવાણી ગ્રંથાવલિ ૨૨

# મહર્ષિ અરવિંદ



# મહર્ષિ અરવિંદ

## (Maharshi Aurobindo)


અનિરુદ્ધ સ્માર્ત

એમ. એ., એલએલ.બી. ઍડ્વોકેટ

(સુરત)



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦ ૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ. ૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

બાર રૂપિયા



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્રી અરવિંદ પ્રાક્કથન | ૧ |
| ૨. | બાળપણ અને ઇંગ્લૅંડનિવાસ | ૩ |
| ૩. | ભારતમાં આગમન | ૯ |
| ૪. | વડોદરાનિવાસ | ૧૪ |
| ૫. | બંગાળમાં | ૨૮ |
| ૬. | પોંડિચેરી આગમન અને નિવાસ | ૪૦ |

# ૧. શ્રી અરવિંદ પ્રાક્કથન

કોઈ પણ મહાન આત્માના જીવનચરિત્રનું આલેખન કરવું એ ખૂબ મુશ્કેલ વાત છે. તેમાંયે જો તે વ્યક્તિ આધ્યાત્મિક જીવનના ક્ષેત્રની હોય તો તો કામ વધુ મુશ્કેલ બની રહે છે. પરંતુ જ્યારે આપણે આધ્યાત્મિક ક્ષેત્રની એક પરમોચ્ચ વ્યક્તિના જીવનનું આપણા શબ્દોમાં આલેખન કરવા તૈયાર થઈએ ત્યારે તો એ કામ આપણા ગજા બહારનું અને લગભગ અશક્ય જ બની રહે છે. છતાં જે જીવનામૃત વડે વ્યક્તિ-જીવન અને જનજીવનને પોષવાનું છે તે તો એવા મહામંનાના જીવનમાંથી જ મેળવવાનું હોય છે. માટે જેવા બની આવે તેવા, પણ સાચદિલીથી, તેમના જીવનચરિત્ર લખવા-સમજવા નિરંતર પ્રયત્નો કરવા જ રહ્યા.

આધ્યાત્મિક ક્ષેત્રની વિરલ વિભૂતિઓનાં જીવનવૃત્તાંત આલેખવાનું કાર્ય મુશ્કેલ બને છે. તેમના બાહ્ય જીવનમાં જે ઘટનાઓ બની હોય છે તેના કરતાં, સપાટી પર ન દેખાતી એવી તેમની આંતર જીવનસૃષ્ટિની કથા એટલી તો અદ્‌ભુત અને રહસ્યમય હોય છે કે તેઓ પોતે જ્યાં સુધી તેનો કાંઈક અણસાર આપણી સમક્ષ વ્યક્ત ન કરે ત્યાં સુધી આપણે તેનાથી સાવ અણજાણ જ રહીએ છીએ. આવી વિશિષ્ટ વ્યક્તિઓના બાહ્ય જીવનની ઘટનાઓનું અનુસંધાન પેલી આંતરિક અનુભૂતિઓ સાથે એવું તો જોડાયેલું હોય છે કે તે આંતરિક પ્રવાહો તરફ દુર્લક્ષ્ય સેવી, માત્ર બાહ્ય જીવનપ્રસંગોને જ ઉપર ઉપરથી જોતાં રહીએ તો તે પ્રકારના જીવનચરિત્રમાંથી કદાચ વાર્તારિસ મળી રહે; કદાચ આપણને તે અસરકારક પણ વર્તાય પરંતુ પછી

મનમાં એક કૌતુકનું વર્તુળ જન્માવી ત્યાં જ તે કદાચ સ્થિર પણ થઈ જાય અને પ્રકાશના પુત્રોના જીવનમાંથી જે પ્રેરણાસ્રોત આપણા જીવનમાં વહેવો જોઈએ તે વહી નહીં આવે.

શ્રી અરવિંદનું જીવનચરિત્ર લખવા માટે તેમના જીવનકાળ દરમિયાન પ્રયત્ન શરૂ થયાનું તેમની જાણમાં આવ્યું કે તરત તેમણે લખ્યું:

"મારા જીવન વિશે કોઈ લખી શકે તેમ નથી કારણ કે તે માણસો જોઈ શકે એવું સપાટી ઉપરનું નથી."

વળી એક બીજા એવા પ્રસંગે તેમણે લખ્યું:

"મારા પોતાના શિષ્યોને હાથે ઠંડી છપાઈમાં મારું ખૂન થાય એવું હું ઇચ્છતો નથી."

તેઓ પોતે જ પોતાના ઉપરોક્ત વિધાનને તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજાવતાં લખે છે:

"સૌથી પહેલું તો એ છે કે કોઈ પણ માણસના આધ્યાત્મિક જીવનમાં એણે બાહ્ય શું કામ કર્યું, અથવા તો પોતાના સમયના લોકોની નજરે એનું બહારનું સ્વરૂપ કેવું હતું એ વસ્તુઓ અગત્યની નથી (લોકો જેને ઐતિહાસિક અથવા તો જીવનચરિત્ર કહે છે એનો તો એ જ અર્થ છે ને?) પરંતુ પોતાના અંતરમાં એ કેવો હતો અને અંતરમાં એણે શું કામ કર્યું છે એ વસ્તુઓ જ એના બાહ્ય જીવનને એનું મૂલ્ય આપી શકે છે. એના બાહ્ય જીવનમાં જે જે કાંઈ હોય છે તે એના અંતરના જીવનમાંથી આવે છે. યોગીનું આંતરજીવન ઘણું વિશાળ અને અનેકદેશીય હોય છે – ખાસ કરીને મહાન યોગીઓમાં – અને એમાં અર્થસભર વસ્તુઓનો સંભાર એટલો વિપુલ હોય છે કે કોઈ ચરિત્રલેખક એને પામવાની કે

એના વિશે લખવાની આશા રાખી શકે તેમ નથી.''

શ્રી અરવિંદના જીવનપટ વિશે ચાર વસ્તુઓ ખૂબ જ અગત્યનું ધ્યાન ખેંચે છે:

૧. એમના બાહ્ય જીવનના પ્રસંગોના અણધાર્યા વળાંકો અને ગતિવિધિ.

૨. એ સર્વને ઘેરી વળીને ઉપરવટ રહેતું કોઈક વ્યાપક અચિંત્ય તત્ત્વ.

૩. એ ગૂઢતત્ત્વ તરફની તેમની નિતાંત નિશ્ચલ નિષ્ઠા.

૪. એ પરમતત્ત્વનો અનન્ય સાક્ષાત્કાર અને જીવનના હરેક ક્ષેત્રમાં તેને પ્રતિષ્ઠિત કરવાનો અપૂર્વ પુરુષાર્થ.

## ૨. બાળપણ અને ઇંગ્લૅંડનિવાસ

શ્રી અરવિંદના પિતા ડૉ. કૃષ્ણધન ઘોષ પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સંસ્કારથી ઊંડા રંગે રંગાયેલા હતા. તેમની રહેણી નખશિખ પાશ્ચાત્ય હતી. દિલના ઉદાર અને અત્યંત સેવાભાવી છતાં ધર્મ તરફ તેમને જરીયે શ્રદ્ધા ન હતી. ભારતીય જીવનસંસ્કાર તરફ તેમને કેવળ અણગમો જ નહીં, તિરસ્કાર હતો. શ્રી અરવિંદ તેમને વિશે ઉલ્લેખ કરતાં એક સ્થળે કહે છે:

''મહાપુરુષ હોય તો તેના પૂર્વજોને ધાર્મિક વૃત્તિના અને પવિત્ર બતાવવાની વૃત્તિ દરેક માણસમાં હોય છે. મારી બાબતમાં એ બિલકુલ સાચું નથી. મારા પિતા એક ઘોર નાસ્તિક પુરુષ હતા.''

શ્રી અરવિંદનાં મા સ્વર્ણલતા ગોરાં, દેખાવડાં અને કલ્પનાશીલ હતાં. પરંતુ તેમના મનનું ઠેકાણું રહેતું ન હતું અને પાછળથી તેમને

હિસ્ટીરિયાનું દર્દ લાગુ પડ્યું હતું જેમાંથી તેઓ મૃત્યુપર્યંત ઊગરી શક્યાં ન હતાં. શ્રી અરવિંદના બીજા બે, વિનયભૂષણ અને મનમોહન નામના મોટા ભાઈઓ હતા. તેમનાથી નાનો એક ભાઈ બારીન્દ્ર અને સરોજિની નામે બહેન હતાં.

શ્રી અરવિંદનો જન્મ આવા ઘોષ કુટુંબમાં ઈ. સ. ૧૮૭૨ના ઑગસ્ટની પંદરમી તારીખે મળસકે ૪-૫૦ સમયે કલકત્તામાં થયો. એમના પિતા તે વખતે ખુલના ડિસ્ટ્રિક્ટની હૉસ્પિટલના ચીફ સર્જન હતા. તેમના બાળપણનાં શરૂઆતનાં વર્ષો ખુલનામાં પસાર થયાં. પરંતુ પાંચ વર્ષની ઉંમરના થયા ત્યાં સુધી તેમને બંગાળી બોલતાં શીખવવામાં આવેલું નહીં. ઘરમાં એક નર્સ, એક બબરચી અને ખાનસામા હતાં. તેમની જોડે પણ ભાંગીતૂટી અંગ્રેજીમાં અને એવી જ હિંદીમાં વાત કરવાની રહેતી. તેઓ પાંચ વર્ષના પૂરા થયા ન થયા ત્યાં તો માતા-પિતાની છત્રછાયાથી દૂર દાર્જિલિંગની અંગ્રેજ બાળકો માટેની લૉરેટો કૉન્વેન્ટ સ્કૂલમાં પિતાએ તેમને દાખલ કરાવ્યા અને સાત વર્ષની ઉંમરના થયા ત્યારે તેમના બંને મોટા ભાઈઓ સાથે ડૉ. કૃષ્ણધન તેમને અભ્યાસ માટે ઇંગ્લૅંડ લઈ ગયા. પોતાના પુત્રોની સોંપણી અને રહેવા-ખાવાની વ્યવસ્થા, વ્યવસાયે પાદરી એવા એક અંગ્રેજ સજ્જન ડ્રયુવીટને ત્યાં કરી. થોડા સમયમાં જ હિંદ પાછા વળતાં તેમણે ડ્રયુવીટને એક કડક સૂચના આપેલી:

> ''એમને હિંદીઓને મળવા દેશો નહીં. હિંદ વિશે જાણવા દેશો નહીં. ભારતની કોઈ વસ્તુના પ્રભાવ હેઠળ આવવા દેશો નહીં.''

અને બન્યું પણ એમ જ. શ્રી અરવિંદ આમ હિંદ વિશે, હિંદની પ્રજા, હિંદના ધર્મ અને સંસ્કૃતિ વિશે અણજાણ જ મોટા થતા ગયા.

મિ. ડ્રયુવીટનાં મા ચુસ્ત ખ્રિસ્તી હતાં. ઘરમાં જ ક્રિશ્ચિયન ચેપલ યાને મંદિર હતું. ત્યાં બધાં રોજ સવારે પ્રાર્થના કરવા જતાં. વળી મિ. ડ્રયુવીટનાં માતુશ્રીની એવી ખાસ માન્યતા પણ ખરી કે શ્રી અરવિંદ ખ્રિસ્તી થાય તો એમના આત્માનો ઉદ્ધાર થાય. તેથી એક વખત એમને ખ્રિસ્તી બનાવવાનો પ્રયત્ન થયેલો પરંતુ દસ વર્ષની ઉંમરના શ્રી અરવિંદ એ બાબતમાં કાંઈ સમજેલા નહીં અને તે પ્રયત્ન નિષ્ફળ નીવડેલો.

શ્રી અરવિંદના ઇંગ્લૅંડનિવાસ પૂરાં ચૌદ વર્ષનો રહ્યો. માંચેસ્ટરમાં ડ્રયુવીટ સાથે તો તે પ્રથમનાં પાંચ વર્ષ જ રહેલા. ત્યાર બાદ તેમનો અભ્યાસ સેન્ટ પોલ સ્કૂલ, લંડનમાં થયેલો. ત્યાં તેમણે અનેક ઇનામો મેળવી અત્યંત તેજસ્વી વિદ્યાર્થી તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરેલી. ત્યાંથી કિંગ્સ કૉલેજમાં પ્રવેશ મળતાં તેઓ કેમ્બ્રિજ જઈ રહ્યા અને એકાગ્રપણે અભ્યાસ આગળ વધ્યો.

આ સમગ્ર ગાળા દરમિયાન તેઓએ ગ્રીક અને લૅટિન ભાષાસાહિત્યના મૌલિક ગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું અને અંગ્રેજ વિદ્યાર્થીઓને પણ તેમાં ટપી ગયા. અંગ્રેજી ભાષા અને સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરી તેમાં અદ્દભુત પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું. ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન વગેરે વિષયોમાં પણ નિપુણતા મેળવી. ફ્રેન્ચ, સ્પૅનિશ, જર્મન વગેરે બીજી યુરોપીય ભાષાઓ શીખ્યા અને તેના સાહિત્યનો પણ મહાવરો મેળવ્યો. આમ તેઓ પાશ્ચાત્ય વિદ્યાઓના પૂરા

પારંગત બન્યા. પણ અતિશય વિસ્મયપ્રેરક ઘટના તો એ છે કે આ અઢળક જ્ઞાનનો વારસો મેળવવા સિવાય ત્યાંની જીવનપદ્ધતિની, ત્યાંના જીવનસંસ્કારની કોઈ જ ખાસ અસર શ્રી અરવિંદ પર ન પડી. જાણે કે પોતાના અંતરાત્મામાં સંચિત રહેલ ભારતીય આધ્યાત્મિકતાનું ગુરુબીજ જે તેમના જીવનમાં પછી સોળે કળાએ ખીલી, મહોરી ઊઠવાનું હતું, તેને નિષ્પ્રાણ કરવાના બધા પ્રયત્નો વ્યર્થ ગયા એટલું જ નહીં પરંતુ આ પાશ્ચાત્ય સંસ્કૃતિનો વીસ વર્ષની ઉંમર સુધીનો અત્યંત નિકટતમ સહવાસ હોવા છતાં તે અક્ષત અને અસ્પર્શ્ય જ રહ્યું.

શ્રી અરવિંદના પિતા ડૉ. કૃષ્ણધન શ્રી અરવિંદ આઈ.સી.એસ. બને તે માટે ઠીક ઠીક આગ્રહી હતા. પરંતુ પોતાની ઘણી ઇચ્છા હોવા છતાં પોતાની જ સારીનરસી આદતોને કારણે (શરૂઆતનાં બે, ત્રણ વર્ષ બાદ કરતાં) પુત્રોના નિભાવ અને અભ્યાસ માટે તેઓ જરૂરી સમયે યોગ્ય રકમ કદી મોકલી શકતા નહીં અને પુત્રોને મોટો સમય આર્થિક તંગીમાં જ પસાર કરવો પડેલો. ઇંગ્લૅંડનાં છેવટનાં વર્ષોમાં શ્રી અરવિંદને સાધારણ સારી રકમની સ્કૉલરશિપ મળતી તેની સહાયથી અને અંગત મહેનતથી ત્રણે ભાઈઓ જેમતેમ ત્યાં ટકી શકેલા.

શ્રી અરવિંદ આઈ.સી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પરંતુ ઘોડેસવારીની જે પરીક્ષામાં ફરજિયાત પાસ થવાનું હતું તેમાં તેઓ એક યા બીજા કારણે હાજર રહ્યા નહીં અને એમના પિતાનું 'ઓરોને ઉચ્ચ સનદી અધિકારી બનાવવાનું' સફળ થવા આવેલું સ્વપ્ન કિનારે આવતાં જ તૂટી ગયું. અંગ્રેજ સલ્તનતે એક બાહોશ અને વફાદાર અમલદાર ગુમાવ્યો ! અને પેલા અચિંત્ય તત્ત્વની લિપિ ઉકેલીએ તો હિંદને તેના સ્વાતંત્ર્ય-સંગ્રામની

ક્રાંતિનો એક જલતી મશાલ જેવો ભડવીર સુકાની મળી આવ્યો.

શ્રી અરવિંદનું (૧) ધર્માંતરમાંથી ઊગરવું (૨) ભૌતિકતા-પરાયણ પાશ્ચિમાત્ય સંસ્કૃતિના આક્રમણ સામે અક્ષોભ ટકી રહેવું અને (૩) આઈ.સી.એસ.ની ભૂતલ પર સ્વર્ગના દેવની હારમાં બેસાડતી ઉચ્ચ સનદી નોકરીને ઠુકરાવવું – આ ત્રણેય બનાવોને માત્ર 'અકસ્માત' કહી ઉડાવી દેવાની કંગાલ ભૂલમાં આપણે નથી પડવું.

એમણે જ પોતાના અનુભવની આછીપાતળી રેખા દોરી છે તેના સંદર્ભમાં તેને સમજવાનો પ્રયત્ન કરી શકાય.

''ઇંગ્લૅંડ જતાં પૂર્વે દાર્જિલિંગનું એક સ્વપ્ન મને યાદ રહી ગયું છે:

''એક દિવસ હું સૂતો હતો ત્યારે ગાઢ અંધકાર મારા તરફ ધસી આવતો જોયો. એ અંધકારે આવીને મારામાં પ્રવેશ કર્યો. અને જાણે મારી ચારે બાજુ અને સઘળે ફરી વળ્યો.''

તેઓ કહે છે કે ત્યાર પછી વર્ષો સુધી – ઇંગ્લૅંડમાં રહ્યા તે વર્ષો દરમિયાન પણ – આજુબાજુ એ તમસની હાજરી તેમને લાગતી રહેલી. પરંતુ અજાયબીની વાત એ છે કે ૧૮૯૩ના ફેબ્રુઆરી મહિનામાં એમની સ્ટીમર ઍપોલો બંદરે નાંગરી અને એમણે ભારતભૂમિ પર પ્રથમ વાર પગ મૂક્યો ત્યારે એ તમસ હટી ગયું. ''એક વિશાળ શાંતિ મારા પર ઊતરી આવી અને તે મને ચારે કોરથી વીંટળાઈ વળી.'' તેઓ કહે છે કે આ એક એવી સઘન આધ્યાત્મિક અનુભૂતિ હતી કે તે ત્યાર બાદ મહિનાઓ સુધી તેમનામાં એકધારી સુસ્થિર ટકી રહી હતી.

આ ઇંગ્લૅંડમાં જતાં પહેલાંનો 'અંધકાર' શો? અને ભારતભૂમિ પર પ્રથમ ડગ ભરતાં આ 'તમસ'નું હટી જવું એ

શું ? અને 'શાંતિ'નું ચારે કોર વીંટળાઈ વળવું એ વળી શું ?

પોતાના ઇંગ્લૅંડના નિવાસ દરમિયાન આ 'તમસે,' આ અંધકારની ચાદરે તેમના જીવનબીજ પર ધસી આવતા વિરોધી તમસના ઘસારાને પોતાનામાં સમાવી લઈ તેની અસરમાંથી શ્રી અરવિંદને રક્ષી લીધેલા અને ભારતની ધરતી પર પગ મૂકતાં એ અંતરપટનું કાર્ય પૂરું થતાં એ ખસી જઈ પૂર્ણ શાંતિની અનુભૂતિમાં તેઓ નિમગ્ન થયેલા.

શ્રી અરવિંદ ઇંગ્લૅંડમાં હતા ત્યાં સુધી કોઈ ખાસ આધ્યાત્મિક અનુભૂતિ વિનાના તેઓ અજ્ઞેયવાદી અને નાસ્તિક જેવા હતા. અને ભારતભૂમિ પર પગ મૂકતાં જ એ અંધકાર હટી ગયો. 'શાંતિ'ની અનુભૂતિ તો ત્યાર પછી એક એકથી ચડિયાતી અને વધુ ને વધુ બળવત્તર બનતી જતી આધ્યાત્મિક અનુભૂતિઓની અગ્રેસર યાને પ્રથમા હતી.

શ્રી અરવિંદના હિંદ પાછા ફરવાની રાહ જોતા અને સતત તેનું સ્મરણ કરતા તેમના પિતાને ભૂલમાં એવી ખબર મળી કે તેમનો વહાલો પુત્ર 'ઑરો' સ્ટીમર ડૂબી જવાથી માર્ગમાં મરણ પામ્યો છે. આ કારી ઘા તેઓ સહી શક્યા નહીં અને શ્રી અરવિંદ ભારત પહોંચે તે પહેલાં જ તેઓ હૃદયરોગના હુમલાથી 'ઑરો. . . ઑરો' કરતા મરણ પામ્યા. શ્રી અરવિંદ ડૂબતી નૌકામાં મુસાફરી નહોતા કરતા. તેઓની સ્ટીમર તો બીજી હતી, 'કાર્થેજ' અને તે તોફાનમાં સપડાવા છતાં મુંબઈ સહીસલામત આવી પહોંચેલી.

સાત વર્ષની શિશુ ઉંમરે ઇંગ્લૅંડ ગયેલા શ્રી અરવિંદ એકવીસ વર્ષની યુવાન વયે હિંદ પાછા ફર્યા. મુંબઈ બંદરે ઊતરી સીધા વડોદરા ગયા.

## ૩. ભારતમાં આગમન

શ્રી અરવિંદનું વડોદરામાં આગમન એ પણ કોઈ અકસ્માત ન હતો. આ જગતમાં કશું જ આકસ્મિક બનતું નથી. બધાની પાછળ સ્થૂળ કે સૂક્ષ્મ કોઈ હેતુ પ્રવર્તતો જ હોય છે. શ્રી અરવિંદ એમના મહાકાવ્ય સાવિત્રીમાં કહે છે:

"This world was not built with random bricks of chance
A Blind was God is not Destiny's Architect
A Conscious Power has drawn the plan of life
There is a meaning in each curve and line."

**"અકસ્માતની આડીઅવળી ઈંટો વડે આ વિશ્વ સર્જાયું નથી**
**કોઈ અંધ દેવ એનો ભાગ્યવિધાતા નથી**
**એક સજાગ શક્તિએ જીવનનો આલેખ દોર્યો છે**
**પ્રત્યેક વળાંક અને રેખામાં કોઈ અભીષ્ટ હેતુ રહેલો છે."**

ઉપર ઉપરથી જોઈએ તો જીવનના બધા બનાવોને, સંજોગોને કાર્યકારણની શૃંખલાથી (by the principle of cause and effect) જોડી દઈ શકાય. જો એવી કારણ અને પરિણામની સાંકળ આપણે જોઈ નહીં શકતા હોઈએ તો એક 'અકસ્માત' શબ્દમાં ન સમજાતી બધી વસ્તુને સમાવી દઈ તેના પર પડદો પાડી દઈ શકાય. અગર તો 'બનવાનું હતું તે બન્યું' એમ મનને મનાવી સાચા કારણની શોધનો પરિશ્રમ ટાળી દઈ શકાય. પરંતુ તેથી વિશ્વ પાછળ કે જીવન પાછળ કોઈ 'અચિંત્ય' શક્તિ કામ કરતી જ નથી એવા તારણ પર નહીં આવી શકાય. પછી તો જીવનમાં ઘણુંબધું નસીબ, અકસ્માત કે નિયતિ જેવા શબ્દોની

પાછળ ઢાંકી જ દેવાનું રહે. ઘટનામાત્રની પાછળ સક્રિય રહેલી પેલી રહસ્યમય શક્તિનો આપણે જ્યાં સુધી પરિચય પામવા જાગ્રત થતા નથી ત્યાં સુધી જીવનનો સાચો અર્થ, જીવનનો સાચો હેતુ આપણે પામી શકતા નથી.

શ્રી અરવિંદ જે અવતારી કાર્ય કરવાને આવ્યા હતા તે કાર્યની અનેકમુખી સાર્થકતા તરફ જ તેમના જીવનનો એક એક તાંતણો તેમને ગર્ભિત પણ સુનિશ્ચિતપણે દોરી જતો હતો. આજે હવે જ્યારે તેઓ સ્થૂળ દેહમાં નથી ત્યારે તેમણે જ આપેલા 'જ્ઞાન-પ્રકાશમાં' આપણે ઘટનાઓ અને તેના વિકાસને સમજવા પ્રયત્ન કરીએ.

સામાન્ય અને ઉપલક દૃષ્ટિએ જોઈએ તો શ્રી અરવિંદનું શ્રીમંત સયાજીરાવને ઇંગ્લૅંડમાં મળવું અને ભારત આવતાં પહેલાં તેમનું નોકરી અર્થે વડોદરા જવાનું નક્કી થવું એ ઘટનામાં કોઈ વિશેષતા કે વિસ્મય દેખાતાં નથી. ઊલટું એમ લાગે કે શ્રીમંત સયાજીરાવ અને શ્રી અરવિંદ ઇંગ્લૅંડમાં મળે એ સાવ સ્વાભાવિક છે. ભારતનાં દેશી રજવાડાંના રાજાઓ તો વિલાયત વખતોવખત જતા-આવતા હતા. બલકે ત્યાં ઘણા તો પડ્યાપાથર્યા પણ રહેતા હતા અને શ્રી અરવિંદ આઈ.સી.એસ.ની પરીક્ષા પૂરી નહીં કરી શક્યા અને તેમનો સંજોગવશાત્ મહારાજા સાથે મેળાપ થયો તો પછી વડોદરામાં નહીં તો બીજે ક્યાં તેમને નોકરી મળી શકે?

પરંતુ તો પછી સવાલ એ ઊઠે કે હિંદમાં તો તે સમયે પાંચસો ઉપરાંત દેશી રાજવાડાં હતાં અને તેમાંના ઘણાખરા રાજવીઓ વિલાયતમાં પડ્યાપાથર્યા રહેતા હતા તો પછી બીજા કોઈ નહીં અને શ્રીમંત સયાજીરાવ સાથે જ તેમનો સંબંધ જોડાય એવા

સંજોગો કેમ ગોઠવાય ? શું એ માત્ર અકસ્માત જ હતો કે શ્રી અરવિંદને વડોદરા મોકલવા પાછળ કોઈ બીજું મહત્ત્વનું કારણ હતું ?

પ્રશ્નને જો આમ તીણો બનાવીએ તો સમગ્ર ઘટનાને એક જુદા સંદર્ભમાં જોઈ શકીએ.

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ સ્વમાની, દેશદાઝવાળા, પ્રજાહિતને હૈયે રાખનાર, પ્રગતિશીલ રાજવી તરીકે સારાયે દેશમાં અને બ્રિટિશ રાજ્યકર્તાઓમાં પણ જાણીતા હતા. તેઓ દીર્ઘદૃષ્ટિ રાજપુરુષ હતા અને પોતાના રાજ્યની સેવામાં ચૂંટી ચૂંટીને પ્રતિભાસંપન્ન વ્યક્તિઓને તેઓ અધિકારીપદે નીમતા હતા. હિંદના દેશી રાજવીઓમાં એમની સાથે તુલના કરી શકાય એવા બીજા રાજવીઓ જૂજ જ મળી આવે તેમ હતા.

બીજી બાજુ ઘોડેસવારી પરીક્ષામાં ગેરહાજર રહીને શ્રી અરવિંદે સ્વયં આઈ.સી.એસ.ની બ્રિટિશ સનદી નોકરી સાથેના સંબંધનો છેડો તો ફાડી નાખ્યો હતો. શા માટે ? કોઈ અચિંત્ય તત્ત્વ તો તેને તેમનાથી દૂર નહોતું રાખતું ! તેઓ એ નોકરી માટે બધી રીતે વિશિષ્ટ લાયકાત ધરાવતા હોવા છતાં તેનાથી દૂર રહ્યા એ શું કોઈ અજાયબીભરી ઘટના નથી ? ઇંગ્લૅંડનાં તેમનાં છેલ્લાં વર્ષોમાં 'હિંદ મજલિસ' નામના એક નાનકડા મંડળ સાથે તેઓ જોડાયા હતા અને ત્યાં પરદેશી શાસન વિરુદ્ધ કદીક રોષયુક્ત વ્યાખ્યાન પણ કરતા. 'કમળ અને ખંજર' નામના અલ્પજીવી પણ ક્રાંતિકારી વર્તુળમાં પણ તેમણે હાજરી આપેલી અને હિંદની સ્વતંત્રતા માટે કામ કરવાના શપથ લીધેલા. આમ માતૃભૂમિની પરતંત્રતા તેમને ત્યાં રહ્યાં રહ્યાં પણ સાલતી હતી અને ભારત પાછા ફરવા તેઓ ઉત્સુક હતા.

વળી આ બધાયે સમય દરમિયાન શ્રી અરવિંદ અને તેમના બંને ભાઈઓ એવી તંગ આર્થિક પરિસ્થિતિમાં હતા કે કમાવું તેમને માટે અનિવાર્ય બની ચૂક્યું હતું. આમ આવા પરિપક્વ સમયે શ્રીમંત સયાજીરાવનું ઇંગ્લૅંડ આવવાનું બન્યું.

એક મિ. જેમ્સ કોટન જેઓ શ્રી અરવિંદને પરિચિત હતા તેઓ શ્રીમંત સયાજીરાવના પણ ઓળખીતા નીકળ્યા. પાટા મળી રહ્યા. શ્રીમંત સયાજીરાવ સાથે શ્રી અરવિંદની મુલાકાત ગોઠવાઈ. પહેલી જ મીટિંગમાં શ્રી અરવિંદને મહારાજાએ માસિક રૂપિયા બસોના વેતનથી પોતાના રાજ્યની નોકરીમાં રોકી લીધા.

એ ધ્યાનમાં રાખવાનું છે કે શ્રી અરવિંદ આશરે ચૌદ વર્ષના ઇંગ્લૅંડવાસ પછી પહેલી વાર હિંદ પાછા ફરતા હતા. શ્રી અરવિંદ ભારતના લોકોથી, ભારતની ભાષાઓથી, ભારતની દીર્ઘકાલીન સંસ્કૃતિનાં મૂળ સ્રોતોથી અને તેની આકાંક્ષાઓથી અપરિચિત હતા. જેમ ઇંગ્લૅંડમાં એક લાંબો ગાળો રહી પાશ્ચાત્ય સંસ્કૃતિના તેઓ સીધા સંસર્ગમાં આવ્યા અને તેનાં સુભગ તત્ત્વોનો તેમને સીધો પરામર્શ થયો તેમ ભારતનો આત્મા, ભારતની સંસ્કૃતિ અને તેની બહુમુખી જાજ્વલ્યમાન પ્રતિભાના પણ તેઓ બિનહરકત સીધા સંસર્ગમાં આવે અને તેના તેજે પ્રદીપ્ત થાય એવા એક લાંબા સમયખંડની તેમના જીવનમાં જરૂરિયાત હતી. આ જરૂરિયાત કઈ રીતે પૂરી પાડે ?

તેઓ બંગાળ આવે અને બંગાળમાં સારા સનદી નોકર બને તેવી પુષ્કળ હોંશ તેમના પિતા ધરાવતા હતા પરંતુ તેઓ તો શ્રી અરવિંદ પાછા ફરે તે પહેલાં જ વિદાય થઈ ગયા. બંગાળમાં વિપ્લવનો દારુણ લાવારસ અંદરથી સીઝતો હતો. કઈ ક્ષણે તે ભડકો થઈ ઊઠે એ કહી શકાય તેમ ન હતું. બંગાળની ઝાળમાં

તેમને તાત્કાલિક દાખલ કરી દેવા પણ સુયોગ્ય નહીં હશે. જે સ્થિતિ બંગાળની હતી તેવી જ વત્તેઓછે અંશે સમગ્ર બ્રિટિશ હિંદની હતી. તેના બીજા ભાગોમાં ચિનગારીઓ ફેલાવા લાગી હતી. જ્યારે દેશી રજવાડાં આમાંથી મુક્ત હતાં.

શ્રી અરવિંદે એ પછી જે કાર્ય કરવાનું હતું તેની બે અપ્રગટ મુખ્ય ધારાઓ હતી.

(૧) સ્વતંત્રતાના સંઘર્ષ માટે ભારતની પ્રજાને જાગ્રત કરી તેનામાં નવશક્તિનો સંચાર કરી શકે તેવા નેતા તરીકે બહાર આવવું.

(૨) સમગ્ર માનવજાતને તેની અધોમુખી પ્રકૃતિની પરતંત્રતામાંથી પૂર્ણપણે મુક્ત કરે એવી પરા ચૈતનાને, સત્ય ચેતનાને અવતારિત કરવી.

આ બંને કાર્યને તેની સિદ્ધિને પંથે લઈ જઈ શકાય તેની તૈયારી માટે યોગ્ય ભૂમિ અને અનુકૂળ સમયખંડ બ્રિટિશ હિંદની ધરા પૂરાં પાડી શકે તેમ ન હતી. બંગાળ તો તેમની માતૃભૂમિ હતી. ત્યાં તો તેમને નક્કર કાર્ય શરૂ કરવા માટે જ્યારે પણ સુગમતા જોઈએ ત્યારે મળી રહે એમ હતું. તે સમયે તો પશ્ચિમ ભારતમાં વાતાવરણ ઊભું કરવા માટે ગુજરાત, સિંધ અને મહારાષ્ટ્ર મળી એક મોટો મુંબઈ પ્રાંત હતો અને વડોદરા તેની મધ્યમાં હતું. આમ, શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના રાજ્યની રાજધાની જ તેમના કાર્યની શરૂઆત માટે એક આદર્શ સ્થળ બની શકે તેમ હોઈ તે અચિંત્ય તત્ત્વે શ્રી અરવિંદને હળવાશથી વડોદરામાં મૂકી દીધા.

# ૪. વડોદરાનિવાસ

શ્રી અરવિંદનું વડોદરાનું જીવન ગંગનાથ પાસેથી વહેતાં નર્મદાનાં જળ જેવું ઉપરથી શાંત અને સમથળ પરંતુ સાહિત્ય, રાજકારણ અને અધ્યાત્મ એ ત્રણે પ્રવૃત્તિઓના અંત:પ્રવાહોથી ઉજ્જવલ.

અને ત્યાર પછીનું તેમનું કલકત્તાનું રાજકીય જીવન તો આકાશમાં એકાએક ચડી આવેલા ઝંઝાવાત જેવું ઉગ્ર અને મહાસાગરના ઘૂઘવાતા ઘોડાપૂર જેવું રુદ્ર રમ્ય પ્રગટ થયું.

અને તે પછી. . . પોંડિચેરીનું એમનું હિમગિરિની ઉચ્ચોચ્ચતા અને સ્ફટિકશી ધવલતા ધારણ કરતું આધ્યાત્મિક જીવન તો આકાશગંગાની અમૃતધારાને અવતરિત કરી પોતાના મસ્તક પર તેને ઝીલી, પૃથ્વીપટ પર તેના પુનિત પ્રવાહને વહેવડાવનાર ભગવાન શંકર સમું પરમ સંજીવક, પરમ ઉદ્ધારક બની રહ્યું.

તેમના જીવનના આ ત્રણે તબક્કાનું ઉત્તરોત્તર એકબીજામાં ઊપસવું, ઉત્ક્રાન્ત થવું એ એક અતિમાનવીય કથા છે. પરંતુ તે બધું ચમત્કારની રીતે નથી બનતું. લોકોત્તર પુરુષના જીવનમાંથી આંખને આંજી દે તેવા, બુદ્ધિને ઘડીભર દિંગ કરી દે એવા ચમત્કારિક જીવનપ્રસંગો જાણવાની અપેક્ષા સ્વાભાવિકપણે આપણામાં ઘર કરીને રહી છે. વિશેષ તો જેને આપણે ધાર્મિક કે આધ્યાત્મિક ક્ષેત્રની વિભૂતિ તરીકે લેખીએ છીએ તેમના જીવનમાંથી આવા પ્રસંગો જાણવા માટે કુતૂહલ હોય છે પરંતુ અહીં જ લાલબત્તી ધરી દેવાની જરૂર છે. All that glitters is not gold. ચળકે છે તે બધું સોનું નથી હોતું. આ આકર્ષણનું પોષણ ખતરનાક બની શકે છે. ખરું જોતાં તો જીવન પોતે જ

એક ચમત્કાર છે. તેનું વૈવિધ્ય અને વૈચિત્ર્ય અજબ આશ્ચર્યપૂર્ણ છે. તો પછી બીજે આવા વિસ્મયનું દર્શન ક્યાં પામીશું ? માટે એ લોભને અહીં જ થોભાવી દેવો સારો છે. વિશ્વમાં કે વ્યક્તિમાં ભગવાન જે કાંઈ પ્રગટ કરવા ઈચ્છે છે તે માત્ર એક વિશિષ્ટતા કે ઘડીભર સ્તબ્ધ કરી મૂકે એવો ચમત્કાર નહીં પરંતુ વ્યક્તિગત અને સાંઘિક વિકાસ અને તેથી અનંત આશ્ચર્યો જન્માવનારી ખુદ એ શક્તિને આપણે ઓળખીએ, એ શક્તિની મહાનતાને આપણે પિછાનીએ અને તે શક્તિ જ આપણા સમસ્ત જીવનનું પ્રેરક તત્ત્વ બની રહે તે એને ઉદ્દિષ્ટ છે. શ્રી અરવિંદના જીવનમાં એ અચિંત્ય શક્તિ આગળના વળાંક શી રીતે સાધે છે તે આપણે જોઈએ.

જેમ સાધારણ રીતે સરકારી નોકરીમાં જોડાતા હોઈએ છીએ તેમ ૧૮૯૩ના ફેબ્રુઆરીની આઠમી તારીખે શ્રી અરવિંદે સેટલમેન્ટ ખાતામાં પોતાના હોદ્દાનો અખત્યાર સંભાળી નોકરીની શરૂઆત કરી. અને સરકારી નોકરીમાં સાધારણ રીતે બનતું રહે છે તેમ ત્યાર પછી રેવન્યૂ વગેરે સેક્રેટરિયેટમાં અને મુખ્ય વહીવટદારની કચેરીમાં પણ તેમણે ઉચ્ચ હોદ્દો સંભાળ્યો. પગાર પણ વધતો રહ્યો અને પ્રતિષ્ઠા પણ વધતી રહી. પરંતુ શ્રી અરવિંદ સાહિત્યના જીવ હતા. તેઓ જણાવે છે: ''મને રસ કવિતામાં, સાહિત્યમાં, ભાષાઓના અભ્યાસમાં, દેશભક્તિના કાર્યમાં હતો.'' વડોદરા કૉલેજ સાથેનો તેમનો પ્રથમ સંબંધ ફ્રેન્ચના ખંડ સમયના અધ્યાપક તરીકે થયો. વડોદરા કૉલેજમાં તે સમયે એક અંગ્રેજ પ્રિન્સિપાલ તરીકે હતા. તેમણે મહારાજાને ખાસ લખી શ્રી અરવિંદને કૉલેજના અધ્યાપન કાર્યમાં જોડવા ખાસ વિનંતી કરી. મહારાજાએ સંમતિ આપી. તેઓ અંગ્રેજી

સાહિત્યના પ્રાધ્યાપક થયા. થોડો સમય વીતતાં તેઓ કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ અને કાર્યકારી પ્રિન્સિપાલ પણ નિમાયેલા.

આ બધાય સમય દરમિયાન મહારાજાના તેઓ ખૂબ માનાર્હ રહેલા. પોતાના રિપોર્ટો, ભાષણો, કાગળો વગેરે તૈયાર કરવાના કામ માટે તેઓ શ્રી અરવિંદને બોલાવતા. કદીક અગત્યના દસ્તાવેજો કે કબૂલાતનામા વગેરેના મુસદ્દા ઘડવાનું કામ પણ તેઓ તેમને સોંપતા જે શ્રી અરવિંદ કૉલેજની પોતાની ફરજો સાથે સાથે ખુશીથી કરી આપતા. મહારાજા તેમને સાંજના જમણ માટે ઘણુંખરું આમંત્રણ મોકલતા. જો તેમને તે અનુકૂળ હોય તો તેઓ સ્વીકારતા નહીંતર જરાયે ખચકાટ વગર ના પાડી દેતા.

શ્રી અરવિંદની ચેતનાની, સાહિત્યસૃષ્ટિમાં જે શતદલપદ્મની ફોરમ પ્રસરવાની હતી તેની આછીપાતળી શરૂઆત તેમના ઇંગ્લૅંડનિવાસના સાહિત્યસર્જનમાં જોઈ શકાય. તેમની કવિતાનો પ્રારંભ ૧૬થી ૧૮ની વય વચ્ચે થયેલો. તેઓ 'ફોક્સ ફૅમિલી મૅગેઝીન' માટે કવિતા લખતા. ગ્રીક, લૅટિનમાં પણ કવિતા કરતા. ગ્રીક સાહિત્યની ચિરંજીવ કૃતિ 'હેક્યુબા'ના કેટલાક ભાગોનું તેમણે ઇંગ્લિશમાં ભાષાંતર કર્યું હતું. લૉરેન્સ બિનિયનને એ કવિતા ઘણી ગમી ગયેલી અને એમણે વધારે લખવાને શ્રી અરવિંદને આગ્રહ કરેલો. વડોદરા આવ્યા પછી એમનું કાવ્યનું પહેલું પુસ્તક 'સૉંગ્સ ટુ માર્ટીલા' ૧૮૯૫માં પ્રગટ થયું. તેમાંનાં કેટલાંક કાવ્યો કેમ્બ્રિજના અભ્યાસકાળ દરમિયાન લખાયેલાં. 'લવ ઍન્ડ ડેથ' – 'પ્રેમ અને મૃત્યુ' એ આખું કાવ્ય પ્રેરણાની ઉચ્ચતમ દશામાં ૧૪ દિવસની સતત લેખનપ્રવૃત્તિના પરિપાક રૂપે વડોદરામાં લખાયેલું. તેમના 'સાવિત્રી' મહાકાવ્યના કંઈક અંશની શરૂઆત પણ અહીંથી જ થયેલી.

આ સમયમાં તેઓએ હોમર, દાન્તે, મહાભારત, કાલિદાસ, ભવભૂતિ વગેરેનું અધ્યયન પણ કરેલું અને સંસ્કૃત સાહિત્યથી સુપરિચિત થયેલા.

રાજકારણનું ક્ષેત્ર તો જાણે તેમના આગમનની રાહ જોતું હતું. એમના મિત્ર બૅરિસ્ટર દેશપાંડે પૂનાથી પ્રગટ થતા 'ઈન્દુપ્રકાશ'ના અંગ્રેજી વિભાગના તંત્રી હતા. દેશપાંડેએ પોતાના પત્રમાં મહાસભા તેમ જ હિંદની પરિસ્થિતિ વિશે લેખો લખી મોકલવા માટે તેમને વિનંતી કરી. શ્રી અરવિંદે તે સ્વીકારી અને 'New lamps for old' 'જૂના બદલે નવા દીવા' એ શીર્ષક હેઠળ તેમની લેખમાળા છપાવા લાગી. બે હપતા પ્રગટ થતાં જ રાજકીય મંડળોમાં ખળભળાટ મચી ગયો. હિંદ જેવી મહાન પ્રજાની કૉંગ્રેસનું ભિખારીપણું એમને રુચતું જ ન હતું અને તેથી કૉંગ્રેસની કામ કરવાની રીતભાતની તેમણે કડક આલોચના કરી, બ્રિટિશ સલ્તનતની રાજરમત પર અપૂર્વ નીડરતાથી અને બળતી દેશદાઝથી પ્રહારો કર્યા. મહાદેવ ગોવિંદ રાનડેએ પેપરના માલિકને કહેવડાવ્યું કે એના પર દેશદ્રોહનો આરોપ મુકાવાનો સંભવ છે! દેશપાંડે વગેરે તરફથી તે લેખમાળા મોળી કરવા વિનંતી થઈ. એ લેખમાળામાંથી શ્રી અરવિંદનો રસ ઓસરી ગયો. જોકે લેખમાળા તેમણે પૂરી કરી આપી.

દેશને માટે શું થઈ શકે તેમ છે એનો શ્રી અરવિંદે અભ્યાસ કર્યો. ''આપણામાંની જે આમજનતા છે તે અજ્ઞાનમાં ડૂબેલી છે અને આપણને ગમે કે ન ગમે પણ, એ જનતામાં જ આપણી આશાનો એકમાત્ર આધાર છે, એમાં જ આપણા ભાવિની એકમાત્ર તક છે,'' એવા નિર્ણય પર તેઓ આવ્યા હતા. સાથે સાથે એના જ એક બીજા પાસા તરીકે ક્રાંતિનો બુલંદ નાદ

જગાવવો અને ક્રાંતિની મશાલ ઠેર ઠેર ભભૂકી ઊઠે તે માટે ગુપ્ત મંડળો સ્થાપી બ્રિટિશ સલ્તનતને ઉથલાવવાના કાર્યક્રમના પણ તે પ્રણેતા અને પ્રેરક રહ્યા હતા. બંગાળી યુવાન જતીન્દ્રનાથ બેનરજી અને એમના જ નાના ભાઈ બારીન્દ્ર વગેરેને તે કામ માટે તેમણે તૈયાર કર્યા. વડોદરાના નિવાસ દરમિયાન અવારનવાર રજાઓમાં તેમનું બંગાળ જવાનું થતું અને ત્યાં પણ ગુપ્ત ક્રાંતિકારી મંડળો સ્થપાઈ ચૂક્યાં હતાં.

જેને રાષ્ટ્રવ્યાપી આંદોલનનું 'બાઈબલ' કહી શકાય તે 'ભવાની મંદિર' યોજનાનો મૅનિફેસ્ટો પણ તેમણે પોતે અહીં જ આ સમયગાળામાં તૈયાર કરેલો. સ્વદેશપ્રેમ અને સ્વતંત્રતાની સિદ્ધિના લક્ષ્યને મૂર્તિમંત કરતા એ મહાવચનની એક જ કંડિકા આ પુસ્તિકા માટે બસ થશે:

''આપણે જેમ જેમ વધુ ઊંડા ઊતરીશું તેમ તેમ આપણને વધુ ને વધુ ખાતરી થશે કે આપણામાં માત્ર એક જ વસ્તુની ઊણપ છે અને અન્ય કોઈ પણ વસ્તુ કરતાં પ્રથમ આપણે એને જ પ્રાપ્ત કરવાની છે. અને એ વસ્તુ છે શક્તિ, શારીરિક શક્તિ, માનસિક શક્તિ, નૈતિક શક્તિ. અને આ સર્વ કરતાંય સવિશેષ તો આધ્યાત્મિક શક્તિ. આ આધ્યાત્મિક શક્તિ જ બીજી સર્વ શક્તિઓનું એક અખૂટ અને અવિનાશી એવું મૂળ છે. આપણામાં જો શક્તિ હશે તો બીજી સર્વ વસ્તુઓ આપણને સહેલાઈથી અને સ્વાભાવિક રીતે જ મળી આવશે. શક્તિ વિનાના આપણે સ્વપ્નમાં વિહરતા માણસો જેવા બની ગયા છીએ. સ્વપ્નમાં માણસોને હાથ હોય છે પણ તે કશું પકડી શકતા નથી કે મારી શકતા નથી. . . . હિંદે બચવું હોય તો દેશમાં ધસમસતાં, ઊછળતાં મોજાંઓવાળા શક્તિપ્રવાહો વહેવડાવવા જોઈએ.''

૧૯૦૩માં તેમણે 'No Compromise'-'સમાધાન ન ખપે' એ નામની એક પુસ્તિકા લખી. કલકત્તાનું કોઈ પ્રેસ આ પુસ્તક છાપવા તૈયાર ન હતું. છેવટે તે ગુપ્ત રીતે બહાર પડ્યું. સાથે સાથે તેઓ કૉંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા અને ભાગ લેવા લાગ્યા.

આમ તેમનો કાર્યવિસ્તાર વધતો જતો હતો અને પ્રતિષ્ઠા પણ. પરંતુ તેમની જીવનરીતિમાં ન હતો 'ઇંગ્લૅંડ રિટર્ન્ડ'નો ફટાટોપ કે ન હતો ઉચ્ચાધિકારીનો આડંબર. વડોદરાના અગ્રગણ્ય ઍડ્વોકેટ આર. એન. પાટકર તેમની સ્મરણિકામાં નોંધે છે કે:

''એમની રોજની રહેણીકરણીમાં શ્રી અરવિંદ ખૂબ સાદા હતા. એમની રુચિમાં તેઓ આગ્રહી બિલકુલ ન હતા. આહાર કે પહેરવેશ વિશે તેઓ બહુ દરકાર કરતા નહીં કારણ કે એ વસ્તુઓને કશી અગત્ય આપતા નહીં. એમને માટે જરૂરી કપડાં લેવા માટે તેઓ માર્કેટમાં કદી ગયા નથી. ઘરમાં હોય ત્યારે એક સફેદ સદરો અને ધોતિયું પહેરતા અને બહાર જતા ત્યારે સફેદ ડ્રીલનાં બનાવેલાં કોટપાટલૂનમાં સજ્જ થતા. આપણામાં ઘણા ગાદી જેવી પથારીમાં સૂવાને ટેવાયેલા છીએ તેવી રૂની નરમ પથારીમાં તેઓ કદી સૂતા નહીં. કાથીની દોરીવાળા ખાટલા ઉપર મલબારી ઘાસની સાદડી નાખીને તેઓ સૂતા. એમની ચાદર પણ એ જ.

એમનામાં મેં એક બીજી વસ્તુ જોઈ તે પૈસાની આસક્તિનો સદંતર અભાવ. એક થેલીમાં ત્રણ મહિનાનો એકસામટો પગાર તેમને મળતો તે એમના ટેબલ ઉપર એક ટ્રે રહેતી તેમાં એ ખાલી કરતા. રૂપિયાને કબાટમાં તાળાકૂંચીમાં

સલામત રાખવાની પંચાતમાં તેઓ કદી પડતા નહીં. એક વાર તે વિશે પૂછતાં તેમણે જવાબ આપેલો, ''જુઓ, આપણે પ્રામાણિક અને સારા લોકો વચ્ચે રહીએ છીએ તેનો એ પુરાવો છે. . . . મારે માટે તો ભગવાન હિસાબ રાખે છે. મને જેટલાની જરૂર છે તેટલા પૈસા તે મને આપે છે. બાકીના પોતાની પાસે રાખે છે. ગમે તેમ પણ મને પૈસાની તંગીમાં ભગવાન રાખતો નથી. તો પછી મારે શી ચિંતા કરવી ?''

''વાંચવામાં તેઓ એટલા બધા એકાગ્ર થઈ જતા કે આજુબાજુની વસ્તુઓ વિશે કેટલીક વાર તદ્દન બેધ્યાન બની જતા.'' એક દિવસ સાંજે નોકર એમનું ખાણું લઈને આવ્યો અને થાળીઓ ટેબલ પર મૂકીને શ્રી અરવિંદને ખબર આપ્યા: 'सा'ब खाना रखा है ।' બાજુ પર ફર્યા વિના જ એમણે કહ્યું : 'અચ્છા'. એકાદ કલાક પછી થાળીઓ પાછી લેવાને નોકર આવ્યો ત્યારે અડક્યા વગરની થાળીઓ એમ ને એમ પડેલી જોઈ. શ્રી અરવિંદને ખલેલ કરવાની તેની હિંમત હતી નહીં. તે મારી પાસે આવ્યો અને મને વાત કરી. હું એમના ઓરડામાં ગયો અને ખાવાનું વાટ જુએ છે એમ કહ્યું એટલે પોતે સ્મિત કરી ટેબલ પાસે ગયા અને થોડા વખતમાં ખાવાનું પતાવીને ચુપચાપ પાછા વાંચવા બેસી ગયા.''

૧૮૯૮-'૯૯ના ગાળા દરમિયાન સુવિદિત બંગાળી લેખક દીનેન્દ્રકુમાર રૉયને શ્રી અરવિંદે બંગાળી ભાષાનો સારો પરિચય પામવા માટે વડોદરા બોલાવ્યા હતા. શ્રી રૉય નોંધે છે કે, ''પુસ્તકની પેટીઓ પારસલથી આવતી અને ઘરમાં ફ્રેન્ચ, જર્મન, રશિયન, ગ્રીક, લેટિન, અંગ્રેજી એમ વિવિધ ભાષાઓમાં પુસ્તકો હતાં. ચોસરથી માંડીને સ્વીનબર્ન સુધીના

અંગ્રેજ કવિઓ હતા.'' આમ પુસ્તકની પેટીઓ ઠલવાયે જતી અને એકાગ્રતાપૂર્વક તેનું અધ્યયન થયે જતું. શ્રી રૉય વધુમાં નોંધે છે કે, ''તેઓ એકલા હતા. વિલાસિતાનો તો એમને પરિચય પણ ન હતો. એક પૈસો ખોટે રસ્તે ખર્ચાતો નહીં અને એક પૈસો પણ હાથમાં રહેતો નહીં''. ''અરવિંદ એ પૃથ્વી પર માનુષ નહેન; અરવિંદ શાપભ્રષ્ટ દેવતા.'' ''અરવિંદ આ પૃથ્વીના માણસ નથી, અરવિંદ તો શાપભ્રષ્ટ દેવતા છે.''

આમ ગંભીરતાથી સાહિત્ય અને રાજકીય ક્ષેત્રને ખેડતા શ્રી અરવિંદ લગ્ન કરવાનું વિચારે તે વિસ્મયકારક તો ખરું જ પરંતુ તે ઉપર ઉપરથી વિચારીએ તો જ.

એક બાજુ સાહિત્યની અને બીજી બાજુ રાજકીય પ્રવૃત્તિ ચાલતી હતી ત્યાં એક સાહજિકતાથી શ્રી અરવિંદે લગ્ન કરવાનો વિચાર કર્યો અને ઈ. સ. ૧૯૦૧ની સાલમાં ભૂપાલચંદ્ર બોઝનાં પુત્રી મૃણાલિની બોઝ સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. લગ્ન કલકત્તામાં સારી રીતે થયાં અને ત્યાર બાદ પત્ની અને બહેન સરોજિનીને લઈને તેઓ નૈનીતાલ પણ ગયેલા અને સૌ નૈનીતાલથી વડોદરા આવી રહેલાં.

જે પ્રકારની એમની જીવનપદ્ધતિ હતી અને હિંદની સ્વતંત્રતાનો જે આદર્શ તેઓ સેવી રહ્યા હતા તેના સંદર્ભમાં શ્રી અરવિંદ લગ્ન કરવા કેમ પ્રેરાયા હશે એવો પ્રશ્ન સાહજિક જ ઉદ્ભવે. પરંતુ એ તો સાવ દેખીતું છે કે એમના આધ્યાત્મિક જીવનની ત્યારે શરૂઆત નહોતી થઈ. વળી દેશી રાજ્યની નોકરી ચાલુ હોઈ રાજકીય પ્રવૃત્તિમાં તેઓ સીધા સામેલ પણ થયા ન હતા. ટૂંક સમયમાં જ જીવનમાં એક ક્રાન્તિકારી પરિવર્તન ચડી આવશે તેવો તે સમયે કોઈ અણસાર પણ ન હતો. આમ તેમના

જીવનના એક અજબ સંધિકાળમાં તેઓ મૃણાલિનીદેવીને પરણ્યા. પાછળથી આ હકીકત અંગે જ્યારે તેમને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે કહેલું કે:

''કુદરતી રીતે જ આમ બને છે. પરિવર્તન આવે તે પહેલાં લગ્ન થઈ ગયાં હોય છે. પરિવર્તન આવે છે અને લગ્ન એક પૂર્વજીવનની ઘટના બની જાય છે. તમે એમ માનો છો કે બુદ્ધ, કૉન્ફ્યૂશિયસ કે હું અધ્યાત્મ જીવનને અંગીકાર કરીશું એવા પૂર્વજ્ઞાન સહિત જન્મ્યા હતા? જ્યાં સુધી માણસ સામાન્ય ચેતનામાં હોય છે ત્યાં સુધી તે તે ચેતનામાં રહે છે પરંતુ જ્યાં જ્ઞાનનો ઉદય થાય છે અને નવી ચેતનાનો પ્રારંભ થાય છે કે વ્યક્તિ તે જીવનમાંથી બહાર નીકળી આવે છે.''

અને છતાં મૃણાલિનીદેવીને પોતાનાં સહધર્મચારિણી બની રહેવાને શ્રી અરવિંદે જે પત્રો લખ્યા હતા અને જેને બહાર પાડવાનો તેમણે કદી ઈરાદો પણ રાખ્યો ન હતો તે પત્રો એકાએક જાહેર થઈ ગયા! કલકત્તામાં શ્રી અરવિંદની જ્યારે રાજકીય કારણસર ધરપકડ થઈ અને તેમના ઘરની જડતી લેવામાં આવી ત્યારે કેટલુંક સાહિત્ય કબજે કરવામાં આવ્યું. તેની સાથે આ કાગળો પણ પોલીસે કબજે લીધા. પાછળથી તે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા. અને જે હકીકત રહસ્યમય જ રહી હોત તેને પેલા 'अचिंत्य तत्त्वे' પોતાની રીતે બહાર આણી દીધી.

આપણે તેમના ૩૦-૮-૧૯૦૫ના પત્રનો કેટલોક ભાગ જોઈએ. આ પત્ર તા. ૨૪-૮-૧૯૦૫ના મૃણાલિનીદેવીના પત્રના જવાબમાં લખાયેલો છે. કેટલીક કૌટુંબિક હકીકતોનો સામાન્ય ઉલ્લેખ કરી તેઓ આગળ જણાવે છે કે:

''મારી અંદર ત્રણ ઘેલાછાઓ છે: પહેલી એ છે કે મારામાં જે કાંઈ સદ્ગુણ, બુદ્ધિ, ઉચ્ચ કેળવણી અને જ્ઞાન તથા પૈસો મને ભગવાને આપ્યાં છે તે બધાં એનાં છે. એમાંથી કુટુંબના નિર્વાહને માટે જેટલાની જરૂર હોય તેટલો જ અથવા જે વસ્તુ તદ્દન આવશ્યક હોય તે માટે જ મને ખર્ચ કરવાનો અધિકાર છે. જે કાંઈ બાકી રહે તે બધું ભગવાનને પાછું આપી દેવું જોઈએ. એ બધી સંપત્તિ જો હું મારે માટે, મારા પોતાના સુખસંતોષ માટે, ભોગવિલાસ માટે વાપરું તો હું ચોર બનું. હિંદનાં શાસ્ત્રો કહે છે કે જે માણસ ભગવાન પાસેથી પૈસા લે છે અને તેને પાછા આપતો નથી તે ચોર છે. અત્યાર સુધી મારા પૈસાનો ઘણો થોડો ભાગ હું ભગવાનને આપતો રહ્યો છું અને એનો નવ-દશાંશ તો મારા પોતાના સુખને માટે વાપરું છું. એ પ્રમાણે હિસાબ કરીને હું સાંસારિક સુખમાં પડ્યો રહ્યો છું. અરધી જિંદગી તો નીકળી ગઈ છે; પોતાનું અને કુટુંબનું પોષણ કરવામાં તો પશુ પણ સંતોષ લે છે.

''મારા મનમાં ખાતરી થઈ છે કે આ બધો વખત મેં એક પ્રાણીનું અને ચોરનું જીવન વિતાવ્યું છે એ વાતનો સાક્ષાત્કાર થવાથી મને પશ્ચાત્તાપ થાય છે અને પોતાને માટે ઘૃણા ઊપજે છે; હવે એ જીવન જીવવું નથી. . . . તું એ માર્ગે જવાનું પસંદ કરશે ?

''બીજી ઘેલછાએ થોડા સમય પહેલાં જ મારામાં પ્રવેશ કર્યો છે તે આ પ્રકારની છે: કોઈ પણ ઉપાયે મારે ભગવાનનો સીધેસીધો સાક્ષાત્કાર કરવો છે. વારે વારે ભગવાનનું નામ જપવું અને બધા માણસોની હાજરીમાં તેની પ્રાર્થના કરવી

અને 'હું કેવો ધાર્મિક છું' એમ લોકોને બતાવવું એમાં આજકાલનો ધર્મ સમાઈ જાય છે. મારે એ ધર્મ નથી જોઈતો. જો ભગવાન હોય તો એની સત્તાનો અનુભવ પ્રાપ્ત કરવાનો, એની સન્નિધિનો સાક્ષાત્કાર કરવાનો માર્ગ હોવો જ જોઈએ. એ માર્ગ ગમે તેટલો કઠણ હોય તોપણ તેનું અનુસરણ કરવાનો મેં દૃઢ સંકલ્પ કર્યો છે. હિંદુ ધર્મ કહે કે એ માર્ગ પોતાના અંતરમાં, પોતાના મનમાં પ્રાપ્ત કરવાનો છે. એ માર્ગનું અનુસરણ કરવાની શક્તિ આપનાર નિયમ પણ મને આપવામાં આવ્યો છે. મેં એ પાળવાની શરૂઆત કરી દીધી છે અને એક મહિનામાં મારી ખાતરી થઈ છે કે હિન્દુ ધર્મનું કહેવું ખોટું નથી. એમાં જે જે નિશાનીઓ આપવામાં આવી છે તે બધીનો મને અનુભવ થયો છે. હું તને એ માર્ગે લઈ જવા ઇચ્છું છું. આ માર્ગે તું મારી સાથે નહીં ચાલી શકે કારણ કે તને એનું જ્ઞાન થયું નથી, પરંતુ મારી પાછળ ચાલવામાં કશી બાધા નથી. એ માર્ગનો આશ્રય લઈને કોઈ પણ માણસ પૂર્ણતા પ્રાપ્ત કરી શકે છે. પરંતુ એ માર્ગે જવું કે નહીં તેની પસંદગી માણસે પોતે કરવાની છે. તને એ માર્ગમાં પ્રવેશ કરવા માટે બીજું કોઈ ફરજ પાડી શકતું નથી. તું આ બાબત પર સંમત હોય તો એ વિષય પર હું વધારે લખીશ.

''મારી ત્રીજી ઘેલછા આ છે: જ્યારે બીજા લોકો દેશને એક નિર્જીવ પદાર્થ તરીકે ગણે છે, અને દેશ એટલે અમુક મેદાનો અને ખેતરો, જંગલો, પર્વતો અને નદીઓ એમ સમજે છે ત્યારે હું મારા દેશને 'માતા' તરીકે ગણું છું. કોઈ રાક્ષસ માની છાતી પર બેસીને તેનું રક્તપાન કરતો હોય ત્યારે એના પુત્રે શું કરવું જોઈએ ? શું તે નિરાંતે બેસીને પોતાનું

ભોજન કરશે અને પોતાની પત્ની અને બાળકો સાથે આનંદપ્રમોદમાં પોતાનો સમય ગાળશે કે પોતાની માને બચાવવા માટે દોડી જશે ? આ પતિત જાતિનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે. એ બળ શારીરિક બળ નથી, હું કાંઈ તલવારથી કે બંદૂકથી લડવાનો નથી.

હું તો જ્ઞાનની શક્તિથી લડીશ. ક્ષત્રિયની શક્તિ એ જ કાંઈ એકમાત્ર બળ નથી, જ્ઞાનના ઉપર પ્રતિષ્ઠિત બ્રહ્મતેજ પણ એક શક્તિ છે. આ ભાવ મારામાં નવો નથી. તે હમણાં જાગ્રત થયો છે તેવું પણ નથી, હું એ ભાવ સાથે જન્મ્યો છું, એ તો મારાં રુધિર અને મજ્જાગત છે, આ મહાન કાર્ય સાધવા માટે ભગવાને મને પૃથ્વી પર મોકલ્યો છે. . . . આપણે જગતમાં, સંસારમાં આવ્યા છીએ તે ભગવાનનું કામ કરવા માટે. ચાલો આપણે તેનો આરંભ કરીએ.''

શ્રી અરવિંદ સાથે સહધર્મચારિણી તરીકે આ સ્વાતંત્ર્યયજ્ઞમાં સહભાગી થવા મૃણાલિનીદેવી તૈયાર હતાં એવો કોઈ પ્રતિધ્વનિ આપણને સંભળાતો નથી. પરંતુ વડોદરામાં ૧૯૦૨ સુધી તેઓ સાથે હતાં. શ્રી અરવિંદ કલકત્તા ગયા ત્યારે ત્યાં પણ તેઓ વખતોવખત સાથે થયાં હતાં. અને શ્રી અરવિંદ પોતાની આંતરબાહ્ય પરિસ્થિતિથી તેમને હંમેશ પરિચિત રાખતા હતા. અને તેમને વિશે કાળજી સેવતા હતા. પોતાના પતિ અત્યંત અસામાન્ય હોવાનું પણ તેઓ જાણતાં હતાં. પાછળથી તેમણે શારદામણિદેવી પાસે દીક્ષા પણ લીધેલી અને ઈ. સ. ૧૯૧૮માં તેઓ શ્રી અરવિંદ પાસે પોંડિચેરી જવા માટે તૈયારી પણ કરતાં હતાં. પરંતુ ઈન્ફ્લુએન્ઝાના તાવમાં તેઓનું મરણ થયેલું.

ઈ. સ. ૧૯૦૨થી ૧૯૦૬ સુધીનું તેમનું વડોદરા નિવાસ દરમિયાન શેષ જીવન દેશદાઝથી વધુ ને વધુ ઘેરું બનતું જોઈ શકાય છે. તેઓ વખતોવખત કલકત્તા જાય છે. ગુપ્ત મંડળોને સલાહસૂચન આપતા રહે છે. કૉંગ્રેસના મવાળ પક્ષની સામે તેમનાં તાતાં તીર છોડતા રહે છે. તો વળી વડોદરામાં પોતાના વિદ્યાર્થીઓમાં ખૂબ માનીતા પ્રોફેસર પણ તેઓ બની ચૂક્યા છે. આ ગાળામાં વડોદરામાં તેમના જીવનને આધ્યાત્મિક ઝોક આપતી અનુભૂતિઓ પણ તેમને મળી આવી.

શ્રી અરવિંદ એક વખત ઘોડાગાડીમાં કમાટીબાગના બાજુના રસ્તેથી પસાર થતા હતા ને એકદમ અકસ્માતમાં સંડોવાઈ જવાનો સંજોગ ઊભો થયો. આ અકસ્માતને અટકાવવા જતાં શ્રી અરવિંદે પોતાની અંદરથી કોઈ દિવ્ય પુરુષ પ્રગટ થતો અનુભવ્યો. અને આખી પરિસ્થિતિને તેણે સહજમાં કાબૂમાં લઈ લીધી. શરીરથી ભિન્ન એવી એક મૌલિક ચેતનાનો, સ્વતંત્ર વ્યક્તિત્વનો આ એક અત્યંત સીધો અને સક્રિય અનુભવ હતો.

બીજો પ્રસંગ કાશ્મીરમાં બને છે. મહારાજા સાથે તેઓ કાશ્મીરને પ્રવાસે ગયા હતા. એક વખત ફરતાં ફરતાં તેઓ એકલા તખ્ત-ઈ-સુલેમાન નામની અને જેને હિંદુઓ શંકરાચાર્યની ટેકરી કહે છે તે પર જઈ પહોંચ્યા. વગર પ્રયત્ને અણધાર્યો તેમને ત્યાં, 'શૂન્ય' તત્ત્વનો સાક્ષાત્કાર થયો. નિર્ગુણ બ્રહ્મની પરમ વાસ્તવિકતા સાથે તેઓ તદ્રૂપ થઈ રહ્યા.

આ અનુભૂતિનું જ જાણે એક બીજું પૂરક પાસું ન હોય તેવો એક પ્રસંગ પણ બની આવે છે. નર્મદાકિનારે ચાણોદ પાસે ગંગનાથના ઓવારે બ્રહ્માનંદ સ્વામીનો આશ્રમ આવેલો હતો. સ્વામીજી વિશે અનેક લોકવાયકાઓ જોડાયેલી હતી. વડોદરાથી

શ્રી અરવિંદના મિત્ર દેશપાંડે વગેરે અધિકારીઓ ઘણુંખરું ત્યાં જતા. એક વખત શ્રી અરવિંદ તેમની સાથે હતા. કિનારા પર એક કાલિકાનું મંદિર હતું. દર્શન માટે બધા દાખલ થયા. શ્રી અરવિંદને મૂર્તિપૂજામાં કોઈ સત્ય વરતાતું નહીં અને આસ્થા પણ નહીં. છતાં બધાની સાથે સાહજિકતાથી અંદર દાખલ થયા અને મૂર્તિમાં દેવીની તેમણે પ્રત્યક્ષ જીવંત હાજરી અનુભવી. જાણે કે કાશ્મીરમાં અનુભવેલી અનંત નિર્ગુણ બ્રહ્મની અનુભૂતિ પછી સાકાર સગુણ બ્રહ્મની પણ વાસ્તવિકતા તેમની નજર સમક્ષ છતી થઈ.

વડોદરાનિવાસ દરમિયાન એક ચમત્કારિક કહી શકાય એવી ઘટના પણ બની. તેમના નાના ભાઈ બારીન્દ્રને ગુપ્ત મંડળનું કામ કરી વિંધ્યાચલથી પાછા ફરતાં જંગલનો કોઈ કારી જ્વર લાગુ પડી ગયો. કોઈ દવા કારગત નહીં નીવડી. માંદગી લંબાતી ગઈ, તાવ વધતો ચાલ્યો અને બધાના જીવ ઊંચે ચડી ગયા. ત્યાં એક દિવસ એકાએક એક નાગા સંન્યાસીએ બારણે પગ મૂક્યો. તેણે બારીન્દ્રની કટોકટ પરિસ્થિતિ વિશે જાણ્યું અને તાત્કાલિક એક પાણી ભરેલો ગ્લાસ અને ચપ્પુ માગ્યાં. ગ્લાસમાંના પાણી પર ચપ્પુથી તેણે કાપા કરવાની આકૃતિ કરી. અને તે પાણી બારીન્દ્રને પાઈ દેવા જણાવ્યું અને તે નાગા સંન્યાસી ચાલ્યા ગયા. બારીન્દ્રનો તાવ પણ ગયો તે ગયો. શ્રી અરવિંદે હજુ સુધી કોઈ ગુહ્યવિદ્યાનો પ્રયોગ જોયો ન હતો. તેમણે પહેલી વાર ગુપ્તશક્તિને ભૌતિક સ્તર પર સફળતાપૂર્વક પ્રયોજાતી જોઈ. કદાચ તેમના ચિત્તમાં પણ એક ચમકાર ચમકી ગયો હશે! શું આધ્યાત્મિક શક્તિને જીવનની આપણી ભૌતિક ભૂમિકા સાથે સંયોજી શકાય ?

વડોદરા રાજ્યની નોકરીમાં તેમને હવે કશો રસ રહ્યો ન હતો. તેની મર્યાદા તેમના કાર્યના ફલક અને કાર્યની શક્તિ બંનેને રૂંધતી હતી. લૉર્ડ કર્ઝનના બંગાળના ભાગલાના હુકમે બંગાળમાં હોળી પ્રગટાવી દીધી હતી. બંગાળની ભૂમિનો પુકાર તેમને ઘનિષ્ઠપણે સંભળાતો હતો. હિંદની ગુલામી તેઓ જાણે કે ક્ષણભર પણ નિભાવી લેવા તૈયાર ન હતા. પેલી અચિંત્ય શક્તિ પણ પોતાના ધનુષની પણછ તાણીને જાણે કે શરસંધાન કરીને બેઠી હતી.

અને શ્રી અરવિંદ સ્થાયી અને આર્થિક રીતે સંતોષપ્રદ નોકરી સાપની કાંચળી માફક ઉતારી નાખી તોફાનના કેન્દ્રમાં બંગાળમાં પહોંચી ગયા.

## ૫. બંગાળમાં

કલકત્તા પહોંચતાં જ બારીસાલ પરિષદ કે જેને સરકારે ગેરકાયદેસર જાહેર કરેલી હતી તેના વિરોધનું નેતૃત્વ શ્રી અરવિંદે લીધું અને પરિષદમાં હાજર રહ્યા. કલકત્તામાં રાષ્ટ્રીય શિક્ષણને કેન્દ્રમાં રાખી એક નવી નેશનલ કૉલેજ સ્થપાઈ. શ્રી અરવિંદ પોતે પણ તેના એક સ્થપતિ હતા. મિત્રોના પુષ્કળ આગ્રહને વશ થઈ તેમણે તે કૉલેજનું પ્રિન્સિપાલપદ ફક્ત રૂ. ૧૫૦નું માનદ વેતન લઈ સ્વીકાર્યું અને બંગાળના યુવાનો સાથે પોતાનો નાતો જોડી દીધો.

બિપિનચંદ્ર પાલે ‘વંદે માતરમ્’ નામનું એક વર્તમાનપત્ર શરૂ કર્યું. તંત્રી સહિત તેનો તમામ કાર્યભાર પણ શ્રી અરવિંદે જ ઉઠાવી લીધો.

૧૯૦૭ના ડિસેમ્બરમાં સુરતમાં ભરાયેલી ઈતિહાસ-પ્રસિદ્ધ કૉંગ્રેસમાં પડદા પાછળથી નેતૃત્વ પૂરું પાડી કૉંગ્રેસના સંપૂર્ણ સ્વરાજ્યના કાર્યક્રમને તેમણે જ આગળ વધારેલો અને મવાળ પક્ષને સખત ફટકો પડેલો. કૉંગ્રેસમાં ભંગાણ પણ અહીં જ પડેલું.

આમ જ્યારે Every thing was converging a one point - બધું જ સ્વાતંત્ર્યપ્રાપ્તિના યજ્ઞકુંડમાં હોમાતું હતું ત્યારે અંદરથી એક તાર તેમને અધ્યાત્મ અને યોગ તરફ ખેંચતો જ રહેતો હતો. શ્રી અરવિંદ પોતે વડોદરાનિવાસનાં છેલ્લાં વર્ષો દરમિયાન નિયમિત પ્રાણાયામ કરતા હતા અને પ્રાણાયામની શક્તિથી પરિચિત થયેલા હતા. તેમને મદદ કરી શકે તેવા યોગીની તેઓ શોધમાં હતા. બારીન્દ્રને તેમણે યોગના કોઈ જાણકાર પુરુષ સાથે મેળાપ કરી આપવાનું જણાવેલું અને બારીન્દ્રે મહારાષ્ટ્રના યોગી વિષ્ણુ ભાસ્કર લેલે સાથે વડોદરામાં શ્રી અરવિંદનું મિલન ગોઠવ્યું હતું.

સુરત કૉંગ્રેસની પૂર્ણાહુતિ પછી શ્રી અરવિંદ સીધા વડોદરા ગયા. શ્રી લેલે વડોદરા આવી પહોંચ્યા હતા. સરદાર મજુમદારના મકાનના ઉપરના ખંડમાં ૧૯૦૭ના ડિસેમ્બરમાં તેઓ ત્રણ દિવસ યોગી લેલે સાથે રહ્યા. તેઓએ પછીથી કહેલું કે લેલેમાં તે વખતે અસાધારણ શક્તિ હતી. માણસની સામાન્ય ચેતનાને ઊર્ધ્વ ચેતના પ્રત્યે ખુલ્લી કરી આપવાની મહાન શક્તિ તેઓ પાસે હતી.

લેલેએ મને કહ્યું: ''બેસો અને જોતા રહો, તમને દેખાશે કે તમારા વિચારો તમારામાં બહારથી આવે છે. તે દાખલ થાય તે

પહેલાં તેમને પાછા ફેંકી દો.'' બસ તેમણે આટલી જ સૂચના આપી હતી.

શ્રી અરવિંદ એ પ્રમાણે બેસી ગયા અને આશ્ચર્ય સાથે તેમણે જોયું કે એ પ્રમાણે જ બનતું હતું. એમને એવી સઘન અનુભૂતિ થઈ કે વિચાર બહારથી અંદરની બાજુ તરફ આવે છે. મસ્તકમાં તે પ્રવેશે તે પહેલાં તેઓ તેમને પાછો હડસેલી શક્યા. ત્રણ દિવસમાં, હકીકતમાં તો પહેલા જ દિવસથી, તેમનું મન એક શાશ્વત શાંતિથી સભર બની ગયું. આ નીરવ બ્રહ્મનો તેમને સહજાનુભવ હતો.

તેઓ લખે છે:

''મારી પોતાની બાબતમાં ત્રણ દિવસમાં તદ્દન અણધારી રીતે મને નિર્વાણનો અનુભવ થયો. એ અનુભૂતિ કોઈ ખાસ પ્રયત્નના પરિણામ રૂપે નિષ્પન્ન થઈ ન હતી. લેલેએ તો મનને નીરવ-નિઃસ્પંદ કરવા માટે અને વિચારો આવે તો એમને બહાર ફેંકી દેવા માટે સૂચના કરી હતી અને પરિણામ એ આવ્યું કે અંતઃકરણ તદ્દન સ્થિર અને શાંત થઈ ગયું. નિર્વાણનો એ અનુભવ ઘણા લાંબા વખત સુધી મારી અંદર કાયમ રહ્યો હતો. હું ઇચ્છું તોપણ એનાથી છૂટી શકું તેમ ન હતું.''

આમ ૧૯૦૮ના જાન્યુઆરીમાં શ્રી અરવિંદ નીરવ બ્રહ્મની ચેતનામાં લીન અવસ્થામાં મુંબઈ ગયા. તેમના મનમાં કોઈ વિચાર આવતો ન હતો. મુંબઈમાં અને બીજે શ્રેણીબદ્ધ વ્યાખ્યાનો આપવાનાં હતાં. તેઓ કહે છે, મેં લેલેને પૂછ્યું, 'હું શું કરું?'' લેલેએ જવાબ આપ્યો, ''સભામાં જજો, શ્રોતાઓને નારાયણ તરીકે નમસ્કાર કરજો અને પછી વાણી

આપમેળે સ્ફુરશે. અને એમ જ થયું.''

શ્રી અરવિંદ મુંબઈમાં એક મિત્રને ઘેર ઊતર્યા હતા. મકાનના ઝરૂખામાંથી જોતા શહેરની બધી પ્રવૃત્તિ તેમને સિનેમાના પડદા પર પડતી આકૃતિઓ જેવી છાયારૂપ અવાસ્તવિક લાગતી હતી. આ કેવલાદ્વૈત વેદાંતની એક અતિ પ્રખર અનુભૂતિ હતી. ગીતામાં જેને ભગવાન શ્રીકૃષ્ણે शांतिं निर्वाणपरमां मत्संस्थाम् अधिगच्छति, એ રીતે વર્ણવી છે તેમાં તેઓ મુકાઈ ગયા.

શ્રી અરવિંદ કહે છે:

> ''અમે છૂટા પડ્યા તે પહેલાં લેલેને મેં કહ્યું કે, 'હવે આપણે સાથે નહીં હોઈએ એટલે મને સાધના માટે જરૂરી સૂચના આપવી ઘટે તે આપો.' મારા હૃદયમાં એક મંત્ર જાગ્રત થયો હતો તે વિશે પણ મેં એમને કહ્યું. એ મને સૂચના આપતા હતા ત્યાં વચમાં જ તેઓ એકદમ અટકી ગયા અને પૂછ્યું કે, 'તમને જેણે આ મંત્ર આપ્યો છે તેના ઉપર તમે પૂરેપૂરો આધાર રાખી શકશો?' મેં કહ્યું કે, 'જરૂર હું તેમ કરી શકીશ.' એટલે શ્રી લેલેએ તેમને કહ્યું, 'તમને કોઈ સૂચના, દોરવણી આપવાની કશી જરૂર નથી,' ''

અને શ્રી અરવિંદે પોતાની અંદર રહેલા દિવ્ય ગુરુના હાથમાં પોતાની જાતને પૂર્ણપણે સોંપી દીધી. ત્યાર પછી બીજી કોઈ વસ્તુ પર ક્યારેય તેમણે આધાર રાખ્યો નહીં. અત્યાર સુધી પોતાના જીવનના પ્રત્યેક વળાંકમાં આંતરિક રીતે અચૂક દોરી રહેલા તે અચિંત્ય વ્યાપક તત્ત્વનો સાક્ષાત્કાર થતાં નિતાંત નિષ્ઠાપૂર્વક તેઓ તેને જ વફાદાર રહ્યા.

વર્ષો પછી એમણે લખેલું કે:

''મને અંતરમાંથી આદેશ થયો હતો કે 'માનવગુરુ'ની મારે માટે કોઈ જરૂર હતી નહીં. . . . મારામાં રહેલા દિવ્ય ગુરુ મને આગળ આવવાની પ્રેરણા આપતા રહ્યા, એક પછી એક અનુભૂતિઓ આપતા રહ્યા, વધુ ને વધુ ઊંચે લેતા ગયા. કોઈ પણ વસ્તુને છેવટની તરીકે ગણી મને ત્યાં તેમણે અટકવા દીધો નહીં અને આખરે હું અતિમાનસની ઝાંખીમાં પહોંચ્યો.''

મુંબઈથી નીકળ્યા પછી ઠેર ઠેર વ્યાખ્યાનો કરતાં તેઓ કલકત્તા પહોંચ્યા. પરંતુ પેલી અવસ્થા ચાલુ જ રહી.

'વંદે માતરમ્'માં ક્રાંતિ જગવતા, સરકારની કડક આલોચના કરતા લેખો પ્રગટ થતા રહ્યા અને બ્રિટિશ સલ્તનતને ઉથલાવી મૂકવાના ગુનાસર બબ્બે વખત તેમના પર મુકદ્દમા ચાલ્યા. પણ કાયદાની બારીકાઈથી જાણકારી સાથે લખવામાં આવેલા તે લેખો હોવાને કારણે સરકાર રાજદ્રોહના ગુનાને કોર્ટ સમક્ષ પુરવાર કરી શકતી નહીં અને શ્રી અરવિંદ છૂટી જતા. વધુ આગ ઝરતા લેખો પ્રસિદ્ધ થતા અને ક્રાન્તિનો દાવાનળ ફાટી નીકળશે કે શું તેની સખત ચિંતામાં સરકાર શું કરવું તેની વિમાસણમાં રહેતી હતી.

તેઓ બ્રિટનની સરકાર પાસે અરજીઓ અને મેમોરેન્ડમો આપવામાં માનતા નહીં. તેમને એ ભિખારીપણું લાગતું. હિંદના સંપૂર્ણ સ્વાતંત્ર્યના તેઓ પ્રથમ અને પ્રખર હિમાયતી હતા. હિંસક ક્રાન્તિને પુષ્ટિ મળે એવું પડદા પાછળ ઘણું કરતા છતાં બહુજનસમાજ સમક્ષ તેમણે જે રાષ્ટ્રવાદી કાર્યક્રમ રજૂ કર્યો હતો તે ખૂબ જ દૂરંદેશી ભરેલો હતો. રાજકીય ક્ષેત્રમાંથી તેઓ જાહેર

રીતે ખસી ગયા પછી પણ તેમણે જ આપેલ કાર્યક્રમની રૂપરેખા પર ભાવિની લડાઈનો કાર્યક્રમ વિકસતો રહ્યો અને ભારતે પૂર્ણ સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું. રાષ્ટ્ર સમક્ષ તેમણે જે કાર્યક્રમ મૂકેલો હતો તે આ હતો: (૧) સ્વદેશી માલનો ઉપયોગ, (૨) પરદેશી વસ્તુઓનો સંપૂર્ણ બહિષ્કાર, (૩) બ્રિટિશ શાસનનો અહિંસક પ્રતિકાર, (૪) અસહકાર, (૫) રાષ્ટ્રીય કેળવણી, (૬) કોર્ટમાં ચાલતી તકરારોનો લવાદી દ્વારા ઉકેલ.

આમ શ્રી અરવિંદ બેવડે બળે ક્રાન્તિનો વંટોળ ફેલાવી રહ્યા હતા. બંગાળના ગવર્નરે હિંદના ગવર્નર-જનરલને લખ્યું: ''રાજદ્રોહી સિદ્ધાંતોને ફેલાવવાની જવાબદારી હું બંગાળની અથવા શક્યપણે હિંદની બીજી કોઈ પણ એક વ્યક્તિ કરતાં શ્રી અરવિંદની જ ગણું છું.'' લૉર્ડ મિન્ટોએ ઇંગ્લૅંડમાં સેક્રેટરી ઑફ સ્ટેટ જોન મોર્લીને લખ્યું: ''હું માત્ર એ જ વસ્તુને ફરીને કહેવા માગું છું કે. . . આપણે જેની સાથે કામ પાડવાનું છે તે અત્યંત જોખમકારક માણસ છે.''

શ્રી અરવિંદને કોઈ ભારી મુકદ્દમામાં સંડોવવાની સરકાર રાહ જોતી હતી. સ્વાતંત્ર્યની ચળવળમાં ભાગ લેનાર ક્રાંતિકારીઓ સામે સરકારે અમાનુષી અત્યાચારનો દોર છૂટો મૂક્યો.

૧૯૦૮ના એપ્રિલની ૩૦મી તારીખે અંગ્રેજોની ક્લબમાંથી એક ગાડી બહાર આવતી હતી ત્યારે તેના પર ખુદીરામ બોઝે એક બૉમ્બ ફેંક્યો પણ તે ગાડીમાં કલકત્તાના અંગ્રેજ પ્રેસિડન્સી મૅજિસ્ટ્રેટ કિંગ્સફર્ડ ન હતા, બે અંગ્રેજ સ્ત્રીઓ હતી જે હત્યાનો ભોગ બની.

બંગાળની સરકાર દમનનો કોરડો વીંઝતી પ્રજા પર તૂટી પડી. ઠેર ઠેર જડતીઓ લેવાવા માંડી. યુવાનોને ગિરફતાર કરવામાં

આવ્યા અને શ્રી અરવિંદને પણ તેઓએ આ ગુનાના તહોમતમાં જોડી દીધા. ૪-૫-૧૯૦૮ને રોજ શ્રી અરવિંદને પોલીસના ભારી પહેરા હેઠળ ગિરફતાર કરવામાં આવ્યા. પૂરા એક વર્ષ સુધી રાજ્યદ્રોહનો કેસ બીજા ૪૨ આરોપીઓ સહિત તેમની સામે ચાલ્યો તેમાં સરકારી પક્ષનું તેઓ સતત આકરું નિશાન બની રહ્યા. કલકત્તાના અગ્રગણ્ય બૅરિસ્ટર ચિત્તરંજન દાસ શ્રી અરવિંદના વકીલ બન્યા. તેમણે મોટો આર્થિક ભોગ આપી, અત્યંત પરિશ્રમ કરી શ્રી અરવિંદનો બચાવ કર્યો. વર્ષને અંતે શ્રી અરવિંદને જ્યારે નિવેદન કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું:

> ''જો એમ સૂચવવામાં આવતું હોય કે મેં મારા દેશને સ્વતંત્રતાના આદર્શનો ઉપદેશ કરેલો છે તો એ સાચું છે. એ જો અપરાધ હોય તો એ અપરાધ મેં કરેલો છે. મેં તેનો કદી વિરોધ કર્યો નથી. એ જો મારી ભૂલ હોય તો તમે મને સાંકળથી બાંધી શકો છો, મને જેલમાં પૂરી દઈ શકો છો, ચાહો તે સજા કરી શકો છો, પણ મારી પાસેથી એ આરોપનો કદી ઈન્કાર કરાવી શકશો નહીં. પરંતુ સ્વતંત્રતાના આદર્શના પ્રચાર માટે કાયદાની કોઈ કલમનો હું ગુનેગાર નથી.''

ચિત્તરંજન દાસે પછી છેલ્લું નિવેદન કરતાં ઉમેર્યું કે: ''તો, આ ઉપરથી, મારી આપને અપીલ છે કે આના જેવો મનુષ્ય, કે જેના ઉપર તેણે કરેલા કહેવાતા ગુનાઓનો આરોપ મૂકવામાં આવેલો છે તે આ કોર્ટના ન્યાયાસન આગળ ખડો છે, એટલું જ નહીં એ ઈતિહાસની હાઈકોર્ટના ન્યાયાસન સમક્ષ ઊભેલો છે અને મારી આપને અપીલ છે કે આ વિવાદની વસ્તુ શાંત પડી જશે તે પછી લાંબા સમય સુધી, આ અંધાધૂંધી, આ આંદોલન અટકી જશે તે પછી લાંબા

સમય સુધી, તે મૃત્યુ પામશે અને અહીંથી વિદાય લેશે તે પછી લાંબા સમય સુધી, તેને દેશભક્તિના કવિ તરીકે, રાષ્ટ્રવાદના પયગંબર તરીકે અને માનવતાના પ્રેમી તરીકે નિહાળવામાં આવશે. એ મૃત્યુ પામશે અને અહીંથી વિદાય લેશે તે પછી લાંબા સમય સુધી, તેના શબ્દો માત્ર ભારતભરમાં જ નહીં, પણ સમુદ્રો અને દેશોની પેલે પાર પડઘાતા રહેશે. ફરી ફરીને પડઘાતા રહેશે. માટે હું કહું છું કે એના જેવી સ્થિતિનો આ મનુષ્ય આ કોર્ટના ન્યાયાસન આગળ ખડો છે એટલું જ નહીં, એ ઈતિહાસની હાઈકોર્ટના ન્યાયાસન આગળ ખડો છે.''

છેવટે કોર્ટનો ચુકાદો આવ્યો. શ્રી અરવિંદ અને બીજા થોડા છૂટ્યા. બીજાઓને સજા ફરમાવવામાં આવી. શ્રી અરવિંદના નાના ભાઈ બારીન અને ઉલ્લાસકરને ફાંસીની સજા ફટકારાઈ.

અલીપુર બૉમ્બ કેસનું આખુંયે પ્રકરણ અને એક વર્ષનો કારાવાસ શ્રી અરવિંદના જીવનનું એક અદ્ભુત પરિવર્તન કરવાને માટે જ જાણે કે નિર્માયેલાં હતાં.

આ કારમી વ્યથા અને પીડાના દારુણ બાહ્ય અનુભવ પાછળ, જેલની તોતિંગ ઊંચી દીવાલોની પાછળ કોઈક જુદી જ ઘટના આકાર લઈ રહી હતી. પેલું અચિંત્ય વ્યાપક તત્ત્વ કે જેમાં શ્રી અરવિંદની અપ્રતિમ નિષ્ઠા એકાકાર થઈ ગઈ હતી અને જેની દોરવણી નીચે પોતાના સમસ્ત જીવનને તેમણે ધરી દીધું હતું તે પરમતત્ત્વ જ જાણે કે એક નવા સાક્ષાત્કારના રાજ્યાભિષેક માટે જેલની એકાંત કોટડીમાં તેમને ખેંચી લાવ્યું હતું.

આ હકીકત પણ કદાચ આપણે જાણવા ન પામત - જો જેલમાંથી બહાર નીકળ્યા બાદ તા. ૩૦-૫-૧૯૦૯ને દિવસે ઉત્તરપાડા નામના સ્થળે શ્રી અરવિંદે પોતાના અંતરના અવાજને અનુસરી જાહેર પ્રવચન ન આપ્યું હોત તો. તેઓએ તે પ્રવચનમાં કહ્યું:

''લાલ બજાર પોલીસ સ્ટેશનથી મને અલીપુર જેલમાં લઈ ગયા અને મને બીજા બધાથી છૂટો પાડીને એક મહિના સુધી બંધ ખોલીમાં એકાંત કેદમાં રાખવામાં આવ્યો.

''ઘડીભર મારી શ્રદ્ધા ડગમગી ઊઠી. એ ઘટના પાછળ પ્રભુનો શો હેતુ હતો તે હું સમજી શક્યો નહીં એટલે એક આર્તનાદ હૃદયમાં ઊઠ્યો: 'પ્રભુ મારા પર આ શું વીતવા માંડ્યું છે? મને શા માટે પકડવામાં આવ્યો છે અને તે પણ આવા આરોપસર ?' એક દિવસ વીત્યો. બીજો અને ત્રીજો. એ ખોલીમાં બેઠાં બેઠાં હું રાતદિવસ પ્રભુના અવાજની પ્રતીક્ષા કરતો રહ્યો. અને એ અલીપુર જેલના એકાંતવાસમાં એમને પ્રથમ વાર પ્રભુનો સાક્ષાત્કાર થયો.

''એકાદ મહિના પર મને જે સ્પષ્ટ સાદ સંભળાયો હતો તે યાદ આવ્યો. 'તું બધી પ્રવૃત્તિ બાજુએ મૂકી દે. એકાંતમાં ચાલ્યો જા. તારા અંતરમાં દૃષ્ટિ કર. એમ કરવાથી તું પ્રભુના ગાઢ સંપર્કમાં આવીશ.'

''પણ તે વખતે મને એમ થયું કે મારા વિના આ કાર્ય આગળ નહીં વધે, હું નહીં હોઉં તો સંગ્રામ નિષ્ફળ નીવડશે અને એમ હું એ કાર્ય છોડી દેવા તત્પર ન હતો. પ્રભુ મને પાછા કહી રહ્યા હતા, 'જે બંધનો તોડવાનું તારું બળ ન હતું તે તારે બદલે મેં તોડી આપ્યાં છે. . . . મારે તારી પાસે

એક બીજું કાર્ય કરાવવાનું છે, તને હું અહીં લાવ્યો છું તે એ કાર્ય માટે', એમ કહી તેણે મારા હાથમાં ગીતા મૂકી. તેની શક્તિએ મારામાં પ્રવેશ કર્યો અને હું ગીતાની સાધના કરવા શક્તિમાન થયો.

''આ તત્ત્વ સમજાવવા માટે મને એક બીજી વસ્તુ દર્શાવી, તેણે મને હિંદુ ધર્મના હાર્દનો સાક્ષાત્કાર કરાવ્યો. પ્રભુએ મારા જેલરોનાં હૃદય મારા તરફ વાળ્યાં. તેમણે સવારસાંજ બહાર છૂટામાં અર્ધોક કલાક ફરવાની મારે માટે રજા મેળવી. મેં ફરવાનું શરૂ કર્યું. વળી ફરી વાર પ્રભુની શક્તિએ મારામાં પ્રવેશ કર્યો.''

બહારની દુનિયાથી મને વિખૂટો પાડનાર જેલ તરફ મેં નજર કરી. મેં જોયું કે મારી ચોતરફ ઊભેલી જેલની ઊંચી ઊંચી દીવાલો એ કાંઈ દીવાલો ન હતી. એ તો વાસુદેવ પોતે મને ઘેરીને ઊભા છે. મારી ખોલીના આંગણામાં આવેલા વૃક્ષની નીચે હું ચાલતો હતો પણ કાંઈ એ વૃક્ષ ન હતું. મેં જોયું કે એ વૃક્ષ વાસુદેવ જ છે, શ્રીકૃષ્ણ છે. એ ત્યાં ઊભા છે અને મારા ઉપર પોતાની છાયા ઢાળી રહ્યા છે. મેં મારી કોટડીના સળિયા તરફ, બારણાની જાળી તરફ નજર નાખી અને ત્યાં પણ વાસુદેવને જોયા. નારાયણ પોતે જ મારી રક્ષા કરતા, મારા ઉપર પહેરો ભરતા ત્યાં ઊભા હતા. મને સૂવા માટે મળેલા ખરબચડા ધાબળા ઉપર હું સૂતો ત્યારે પણ હું અનુભવવા લાગ્યો કે શ્રીકૃષ્ણના બાહુઓ, મારા સુહૃદ અને પ્રિયતમના બાહુઓ મને વીંટળાઈ રહ્યા છે.

''તે પછી અચાનક કંઈક બન્યું. મને એકદમ પાછો બંધ ખોલીમાં લઈ જવામાં આવ્યો. ત્યાં જે બન્યું તે બધું

કહેવાની મને આજ્ઞા નથી. માત્ર એટલું કહી શકું કે દિન-પ્રતિદિન, પ્રભુ મને પોતાનાં અદ્ભુત રહસ્યો બતાવવા લાગ્યા. હિંદુ ધર્મનાં ગહન સત્યોનો એ મને સાક્ષાત્કાર કરાવવા લાગ્યા. પ્રભુ તરફ હું વળ્યો ત્યારે મારામાં જીવંત શ્રદ્ધા ન હતી. ત્યારે મારો આત્મા અજ્ઞેયવાદી હતો, નાસ્તિક હતો, સંશયાત્મા હતો. ઈશ્વર જેવું કાંઈક ખરેખર છે એ વિશે મને ખાતરી ન હતી. પરંતુ આ એકાંતવાસ તો પ્રભુ સાથેનો જીવંત સહવાસ બની રહ્યો. મને કહેવામાં આવ્યું કે તું અહીંથી બહાર જાય ત્યારે તારા દેશને હંમેશાં આ સંદેશ આપતો રહેજે. તું કહેજે કે ભારતની પ્રજાનું જે ઉત્થાન થવા માંડ્યું છે તે સનાતન ધર્મને અર્થે છે, નહીં કે માત્ર પોતાને અર્થે. હું હિંદની પ્રજાને સ્વતંત્રતતા આપું છું તે પણ જગતની સેવા માટે જ છે. હિંદનો ઉદય થશે એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે તેનો અર્થ એ છે કે સનાતન ધર્મ મહાન થશે. હિંદનો વિકાસ, વિસ્તાર થશે એમ કહેવામાં આવે છે એનો અર્થ એ છે કે જગતમાં સનાતન ધર્મનો વિકાસ-વિસ્તાર થશે. એ ધર્મને ખાતર અને એ ધર્મ વડે જ ભારત જીવી રહ્યો છે. એ ધર્મને મહાન બનાવવો એટલે દેશને મહાન બનાવવો. મેં તને દર્શાવ્યું છે કે હું સર્વત્ર છું. સર્વ મનુષ્યો અને સર્વ પદાર્થમાં છું.''

શ્રી અરવિંદનો આ બીજો વિશિષ્ટ સાક્ષાત્કાર હતો. લેલે સાથેના ધ્યાનમાં જે નીરવ બ્રહ્મનો તેમને પ્રથમ સાક્ષાત્કાર થયો હતો તેની જગ્યા એણે લીધી. આ બીજો સાક્ષાત્કાર તે વિશ્વરૂપ ચેતનાનો. સર્વ પ્રાણી અને પદાર્થમાં પરમાત્માનો વાસ છે એ

રીતનો ગીતામાં જેને वासुदेवः सर्वमिति કહીને વર્ણવ્યો છે તે સાક્ષાત્કાર હતો.

શ્રી અરવિંદ પોતાના પ્રવચનને અંતે કહે છે, "જે મેં અનુભવ્યું તે વાત મેં તમારા સમક્ષ ઉચ્ચારી છે. આજે હવે હું એમ નથી કહેતો કે રાષ્ટ્રીયતા માત્ર એક ભાવના છે, ધર્મ છે, શ્રદ્ધા છે. આજે હું કહું છું. સનાતન ધર્મ એ જ આપણી રાષ્ટ્રીયતા છે."

હવે તો તેમણે જેમ પ્રભુ પ્રેરે તેમ જ જીવવાનું હતું. કર્મ કર્યે જવાનાં હતાં. અને પાછા તેઓ હિંદની મુક્તિના કાર્યમાં વધુ શક્તિ સાથે ઘૂમી વળ્યા. આખું હિંદ તેમના તરફ જોવા લાગ્યું. 'વંદે માતરમ્' તો બંધ થઈ ગયું હતું. તેમણે 'कर्मयोगिन्' અને 'धर्म' બે સાપ્તાહિક શરૂ કર્યાં અને પાછા આકરા પ્રહારો શરૂ થઈ ગયા. દેશમાં પાછી ક્રાન્તિની જ્વાળા ભભૂકી ઊઠી.

ગમે તેમ કરી શ્રી અરવિંદને પકડી જેલમાં ધકેલી દેવા સરકારી ચક્રો ગતિમાન થઈ ગયાં. શ્રી અરવિંદને માહિતી મળી કે સરકાર તેમને દેશનિકાલ કરવા માટેનાં પગલાં ભરવા ઉપરતળે થઈ રહી છે. તેઓ પૂર્ણ ધીરજથી 'કર્મયોગિન્'માં અગ્રલેખો લખ્યે જતા હતા.

એ ૧૯૧૦નો ફેબ્રુઆરી માસ હતો. એક દિવસ મોડી સાંજે તેઓ કર્મયોગિન્ પ્રેસમાં રોજની જેમ કામ કરી રહ્યા હતા ત્યાં પ્રેસનો એક કર્મચારી ખબર લાવ્યો કે પોલીસ પ્રેસની જડતી લેવાની છે. પ્રેસના કર્મચારીઓ અને બીજા સાથીઓ પોલીસ સાથે લડાઈ કરવાની તરકીબો વિચારતા હતા. ત્યાં શ્રી અરવિંદ કહે છે, "મેં ઉપરથી આદેશ સાંભળ્યો, 'ના, ચંદ્રનગર જા.' એ દિવસોમાં જેલમાંથી છૂટ્યા પછી હું એ પ્રમાણે આદેશ

સાંભળતો હતો. અને તે સમયે હું એવા આદેશને પ્રશ્ન કર્યા વગર અનુસરતો. પોંડિચેરી જવા વિશે પણ એવો આદેશ સાંભળેલો. આદેશ સાંભળ્યા પછી હું દસ મિનિટમાં ગંગાના ઘાટ ઉપર પહોંચી ગયો હતો.'' અને ત્યાંથી હોડીમાં તેઓ ચંદ્રનગર ગયા. ચંદ્રનગરમાં આશરે દોઢ માસ તેઓ મોતીલાલ રોયને ત્યાં રોકાયા અને ગુપ્ત નામે, ગુપ્ત વેશે તા. ૧-૪-૧૯૧૦ને રોજ ડુપ્લેક્ષ સ્ટીમર દ્વારા પોતાને મળેલા આદેશ અનુસાર ગુપ્ત સ્થળે રવાના થવા નીકળી ગયા.

## ૬. પોંડિચેરી આગમન અને નિવાસ

એ ગુપ્ત સ્થળ તે દક્ષિણ ભારતનું વેદપુરી - પોંડિચેરી.

કહેવાય છે કે વિંધ્યાચળ પાર કરી પુરાણપ્રસિદ્ધ અગસ્ત્ય મુનિએ જ્યાં પોતાનો આશ્રમ સ્થાપેલો તે સ્થળ પણ આ જ પોંડિચેરી.

દક્ષિણ ભારતમાં એક પ્રખ્યાત યોગી નાગઈ જપ્તા કરીને થઈ ગયા. તેમને લાગ્યું કે હવે પોતાનો અંતકાળ નજીક આવી રહ્યો છે એટલે તેમણે પોતાના શિષ્યો અને ભકતોને મળવા માટે બોલાવ્યા. કે. વી. રંગાસ્વામી કે જેઓ હિંદની દિલ્હીની ધારાસભામાં દક્ષિણના જાગીરદારોનું પ્રતિનિધિત્વ કરતા હતા તેઓ પણ તેમના ભક્ત હતા. જ્યારે તેઓ નાગઈ સ્વામીને મળ્યા ત્યારે તેમણે પ્રશ્ન કર્યો કે કોની પાસેથી હવે તેમણે આધ્યાત્મિક પ્રગતિ માટે મદદ મેળવવી. એમણે થોડો સમય મૌન રહી જણાવ્યું કે ઉત્તરમાંથી એક પૂર્ણયોગી દક્ષિણમાં આવશે તેની મદદ લેવી. રંગાસ્વામીએ પુનઃ પ્રશ્ન કર્યો કે

''તેમને ઓળખવા શી રીતે ?'' ફરી પાછા યોગી મૌનમાં ઊતરી ગયા અને પછી જણાવ્યું કે, ''તેઓ આશ્રયસ્થાન મેળવવા આવશે અને આવતાં પહેલાં પોતાને વિશે ત્રણ વસ્તુઓ જાહેર કરશે. તે ઉપરથી તમે તેને ઓળખી શકશો.'' ત્યાર બાદ યોગી નાગઈ જપ્તા સમાધિસ્થ થયેલા.

શું યોગી નાગઈ જપ્તા શ્રી અરવિંદના પોંડિચેરી આગમનની ભવિષ્યવાણી તો નહોતા ભાખતા ?

ઈ. સ. ૧૯૧૦ના એપ્રિલની ચોથી તારીખે સાંજે ચાર વાગ્યે શ્રી અરવિંદની સ્ટીમર કોરોમંડલને દરિયાકિનારે આવેલા પોંડિચેરી બંદરે આવી પહોંચી. કલકત્તાથી તેમની આગળ નીકળેલ મોની તથા પોંડિચેરી-સ્થિત કવિ સુબ્રહ્મણ્યમ ભારતી, શ્રીનિવાસાચારી વગેરે તેમને લેવા બંદરે હાજર હતા.

શ્રી અરવિંદે પોંડિચેરીની ધરતી પર પગ મૂક્યો. જાણે કે એ ધરતી જ એમના ચરણને ઝંખી ન રહી હોય ! સતત ઘૂમતા રહેતા તેમના ચરણને જાણે કે એ ધરતી પોતાનામાં શાશ્વત સ્થિરત્વ આપવા તલસતી ન હોય !

આ જ એ પોંડિચેરી.

શ્રી અરવિંદની તપોભૂમિ અને તેમનું સિદ્ધક્ષેત્ર.

ચાળીસ વર્ષ પર્યંત તેમની ચેતનાથી અવિચ્છિન્ન ભભૂકતી રહેલી આ જ તેમની અખંડ વિશાળ યજ્ઞ-વેદી. એ યજ્ઞમાં ઉચ્ચારેલી ઋચાઓએ અને એ યજ્ઞમાં પ્રગટાવાયેલ અગ્નિશિખાઓએ સારાયે વિશ્વ પર એવાં તો ચૈતસિક આંદોલનો અને પ્રકાશનાં મોજાંઓ વહાવ્યાં કે પૃથ્વીને ખૂણેખૂણેથી હજારો માનવઆત્માઓ પોતાનું સઘળું ત્યજીને અને પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરીને તેમના શ્રીચરણ પાસે આવી બેસી ગયા

અને અનેક રીતે વિશિષ્ટ એવા એક આશ્રમનું સર્જન થયું.

પરંતુ આ કંઈ એકદમ બની આવ્યું નથી. Rome was not built in a day. રોમ કંઈ એક દિવસમાં બંધાયું ન હતું. આ જો રોમને માટે સાચું હોય તો તેથી સવિશેષપણે આધ્યાત્મિક પાયા પર રચાયેલા અને આધ્યાત્મિક શક્તિને જ વરેલા આશ્રમ માટે સાચું છે. કારણ કે આધ્યાત્મિક સાંધિક જીવનનો આવિષ્કાર પોતાની શરતોનું પાલન અને પોતાનો સમય માંગી લે છે.

જ્યારે શ્રી અરવિંદ પોંડિચેરીને દરિયાકાંઠે ઊતર્યા ત્યારે તો એ અને એમના પ્રભુ જ એમની સાથે હતા અને ભૌતિક સ્તરે તો બધું એકડે એકથી ફરીથી ઘૂંટવાનું હતું.

એક તો પોતે ઊકળતા રાજકીય ચરુને હજી હમણાં જ પાછળ મૂકીને આવ્યા હતા. વળી આ નવા ફ્રેન્ચ શાસિત પ્રાન્તમાં પોતાને રહેવા માટેયે કોઈ સ્થાયી સ્થળ ન હતું. વધારામાં ગુપ્તતા જેટલી જળવાય તેટલી જાળવવાની હતી, પાસે ન હતો પૈસો કે ન હતી કશી ખાસ બાહ્ય મદદ. બ્રિટિશ સલ્તનતની સામે બળવે ચડેલ વ્યક્તિને પૈસાથી મદદ કરતાં પણ લોકો ડરતા હતા. આમ એક નિરાલમ્બ સ્થિતિમાં પ્રભુના આલમ્બન પર જ તેમણે ઊભા રહેવાનું હતું.

પોંડિચેરીના એક સજ્જન કે જેમને ત્યાં પૂર્વે સ્વામી વિવેકાનંદને ઉતારવામાં આવેલા તેમના મકાનમાં શ્રી અરવિંદને રહેવાની હંગામી વ્યવસ્થા થઈ. થોડા જ વખતમાં તેમની સાથે રહેવા માટે તેમના નિકટવર્તી સાથીઓમાંથી શ્રી નલિનીકાંત ગુપ્ત કે જેઓ આજે પણ ૯૭ વર્ષની વયે આશ્રમમાં વિદ્યમાન છે અને આશ્રમના એક ટ્રસ્ટી છે તે તથા સૌરીન બોઝ, મૃણાલિનીદેવીના પિતરાઈ ભાઈ જોડાયા. મોની અને વિજય તો હતા જ. આમ

ચાર જણાનો સાથ બંધાયો અને તેઓથી શક્ય તેટલી શ્રી અરવિંદની સેવાસરભરા તેઓ કરતા રહ્યા.

ઈ. સ. ૧૯૧૦થી ૧૯૧૨ સુધીનું જીવન ઘણું કઠિન હતું. શંકર ચેટ્ટીના ઘરમાં મોની અને વિજય બેમાંથી એક કે બંને શ્રી અરવિંદ માટે ચાનો એક કપ બનાવી આવતા. બપોરે ચેટ્ટીના ઘરમાં થતાં ભાત, શાક, રસમ અને સંભાર એટલું ભોજનમાં મળતું. સાંજે શ્રી અરવિંદ પાયસનો એક કપ લેતા, શ્રી અરવિંદને સૂવા માટે પાતળી પથારી હતી. એમના સાથી જમીન પર જ સૂઈ જતા.

શ્રી અરવિંદ કોઈને પણ ખાસ મળતા નહીં અને પોતે પોતાની યોગસાધનામાં નિર્મમ અને નિશ્ચલ, સ્થિત રહેતા. આ જ દિવસોમાં એકસામટા તેમણે ૨૩ દિવસના નકોરડા ઉપવાસ કર્યા હતા. આ ઉપવાસ દરમિયાન તેમની માનસિક અને પ્રાણની શક્તિ પૂરેપૂરી સમર્થ રહી હતી. વળી તેઓ રોજના આઠ કલાક ચાલતા હતા તોયે તેમને થાક નહોતો લાગતો. અને ૨૩ દિવસને અંતે ઉપવાસ છોડ્યા ત્યારે, પ્રવાહી લઈને પછી ખોરાકનું પ્રમાણ વધારતા જતા. ઉપવાસ નહોતા છોડ્યા પરંતુ સામાન્ય રીતે ભોજન લઈએ તેમ ભોજન લઈ ઉપવાસત્યાગ કરેલો.

શંકર ચેટ્ટીના ઘરમાંથી પછી તેઓ સુંદર ચેટ્ટીનું મકાન ભાડે રાખીને રહેલા અને ઈ. સ. ૧૯૨૨ સુધી સમયે સમયે ઘરો બદલતા રહેલા.

ઈ. સ. ૧૯૧૨થી ૧૯૧૪ સુધીના શ્રી અરવિંદના પોંડિચેરી નિવાસના એક બાહ્યાંગ પર ઊડતી નજર ફેરવીએ તો ચિત્ર કંઈક આવું છે:

ચાર જણામાંથી વારાફરતી રસોઈ બનાવવાનું કાર્ય હરેક માથે લેતા. તે વખતે નાહવાની જુદી ઓરડી ન હતી. એક નળ ખુલ્લામાં હતો અને તેની નીચે ઊભા રહીને એક પછી એક બધા સ્નાન કરી લેતા. શ્રી અરવિંદ છેલ્લા સ્નાન કરતા. અમૃતા, કે જેઓ પાછળથી વરસો સુધી આશ્રમના કેશિયર બની રહ્યા હતા તે, તેમને માટે ધોતિયું લઈને બાજુમાં ઊભા રહેતા. બધાની વચ્ચે એક જ ટુવાલ હતો અને શ્રી અરવિંદ બધાના વાપરેલા ટુવાલથી પોતાનું શરીર લૂછતા. સ્નાન બાદ જમવા માટે તેઓ રસોડામાં આવતા. રસોઈ વિશે કદી ફરિયાદ કરતા નહીં. એક મીણબત્તીનો દીવો અને એક ગ્યાસતેલનો નાનો દીવો એમ બે જ દીવા ઘરમાં થતા. એક શ્રી અરવિંદના ઓરડામાં અને બીજો રસોડામાં. રાત્રે જમવાનું તૈયાર થઈ જાય ત્યારે મીણબત્તીનો દીવો પણ રસોડામાં લઈ જવામાં આવતો! તે સમયની પરિસ્થિતિનો કાંઈક ખ્યાલ શ્રી અરવિંદે મોતીલાલ રોય પર લખેલા પત્રમાંની આ એક પંક્તિ પરથી પણ આંકી શકાય:

''અત્યારની પરિસ્થિતિ એ છે કે અમારી પાસે અડધો રૂપિયો કે એવું કાંઈ છે. . . . પરંતુ ભગવાન અમારી જરૂર પૂરી કરશે.''

આ જ સમયગાળા દરમિયાન પેલા કે. વી. રંગાસ્વામી આયંગર કે જેઓ નાગઈ જપ્તાના શિષ્ય હતા અને પોતાના ગુરુ તરફથી જેમને ઉત્તરમાંથી એક પૂર્ણયોગી આવવાની ખાતરી મળેલી તેઓ પોતાના ગુરુકથિત મહાયોગીની શોધમાં હતા. પોલીસ દ્વારા જાહેર થઈ ગયેલા શ્રી અરવિંદે મૃણાલિનીદેવી પર લખેલા પત્રોમાંથી શ્રી અરવિંદની ત્રણ ઘેલછાઓની તેમને જાણ થયેલી તેથી તેઓ પોંડિચેરી આવ્યા. શ્રી અરવિંદને મળતાં

પોતાના ગુરુભાષિત ઉત્તર યોગી શ્રી અરવિંદ હોવાની એમને પ્રતીતિ થઈ. અને તેઓ તરફથી શ્રી અરવિંદને આર્થિક મદદ મળી. ચંદ્રનગરવાળા મોતીલાલ રૉય તરફથી પણ મદદ મળતી રહી. વળી અચિંતિત દિશાઓમાંથી પણ બારીઓ ખૂલતી રહી અને શ્રી અરવિંદનો યોગ, यदृच्छालाभसंतुष्टो દૈવપ્રેરિત મળી આવેલ લાભથી સંતુષ્ટ રહી આગળ ને આગળ વધતો રહ્યો.

બીજી બાજુ બંગાળમાંથી અને હિંદમાંથી શ્રી અરવિંદને રાજકારણમાં પાછા લાવવાને અને હિંદની સ્વતંત્રતાની ચળવળનું નેતૃત્વ સંભાળવાને પ્રેમપૂર્ણ આગ્રહો થતા રહ્યા અને કદીક કદીક દબાણો થતાં રહ્યાં. કેટલાક નનામા કાગળો આવતા. કેટલાકમાં તેમને પ્રગટ થવાને પડકાર ફેંકાતો. કેટલાક એ મતલબનું જણાવતા કે શ્રી અરવિંદે રાજકીય ક્ષેત્રનો ત્યાગ કર્યો તેના કારણમાં કાં તો એમને એમ લાગી ગયું હોય કે તેઓ એ ક્ષેત્રમાં કાંઈ કરી શકે તેમ નથી અથવા તો એમ બને કે એમને ડર પેસી ગયો હોય, અને તેથી તેઓ યુદ્ધક્ષેત્ર છોડી નીકળી ગયા હોય ! આ વિશે આપણે કોઈ પણ મત બાંધીએ તે પહેલાં તેમણે જ જે ખુલાસો કર્યો છે તે કાન દઈ સાંભળીએ. તેઓએ કહેલું:

> ''અહીં એ પણ કહેવું જરૂરી છે કે રાજકીય ક્ષેત્રમાં હું કાંઈ કરી શકું તેમ નથી એવું મને લાગ્યું તેથી મેં એ કાર્ય છોડી દીધું એ સાચું નથી. એ વિચાર મારા મનમાં કદી આવ્યો નથી. હું અહીં ચાલી આવ્યો કારણ કે મારી યોગસાધનામાં કશો પણ અંતરાય થાય એવું હું ઇચ્છતો ન હતો, અને બીજું કારણ એ હતું કે એ બાબતમાં મને અંતરમાંથી સ્પષ્ટ આદેશ પણ મળ્યો હતો. રાજકીય કાર્ય સાથેનો બધો સંબંધ મેં કાપી નાખ્યો છે પણ તેમ કરતાં પહેલાં મારા અંતરમાં ઉદ્ભવેલા

જ્ઞાનથી મને ખબર પડી હતી કે જે કાર્યનો મેં આરંભ કર્યો હતો તે બીજા નેતાઓ દ્વારા આગળ ધપવાને નિર્માયેલું છે અને તે પણ જે માર્ગ મને સૂઝ્યો હતો તે માર્ગે. જે ચળવળનો મેં આરંભ કર્યો હતો તેનો આખરી વિજય હું તેમાં અંગત રીતે કે હાજરીથી ભાગ નહીં લઉં તોપણ નક્કી છે એમ મને જ્ઞાન થયું હતું. એ નિર્ણયમાં નિરાશાનો કે નિરર્થકતાનો જરા પણ અંશ ન હતો.''

કદાચ એમ માની લેવામાં આવે કે તેમને હિંદમાં પ્રવેશ કરવાની મનાઈ ફરમાવવામાં આવી હશે અને તેથી તેઓ પાછા નહીં ફરી શકતા હોય, તો એવી શંકાને શમાવતાં તેમણે કહેલું કે, ''હિંદમાં પ્રવેશ કરવાની મને કદી મનાઈ કરવામાં આવી જ ન હતી. ઊલટું, લૉર્ડ કાર્માઈકલે માણસ મોકલીને મને હિંદમાં પાછા ફરવા અને દાર્જિલિંગમાં કોઈ જગ્યાએ સ્થાયી થવા માટે અને એમની સાથે તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવા માટે આમંત્રણ મોકલ્યું હતું. પરંતુ મેં એમની માગણી નકારી હતી.''

આમ, તેમને હિંદમાં પ્રવેશની મનાઈ તો ન હતી પરંતુ હિંદની બ્રિટિશ સરકાર હજી શ્રી અરવિંદ વિશે ભય તો સેવતી જ હતી. તેમણે શ્રી અરવિંદ ઉપર નજર રાખવા માટે તથા બને તો તેમને ઉપાડી લઈ બ્રિટિશ હિંદમાં પાછા ધકેલી દેવા માટે સી.આઈ.ડી.ના માણસોને પોંડિચેરીમાં ઘુસાડ્યા હતા. નંદગોપાલ ચેટ્ટી સ્ટીમરોના માલની હેરફેરી કરનારો પોંડિચેરીનો એક ધનવાન વેપારી હતો. અને હિંદનાં બંદરો સાથે વેપારી સંબંધો ધરાવતો હતો. એ બ્રિટિશ છૂપી પોલીસનો હાથો બન્યો અને તેને મદદ કરવા તૈયાર થયો. પોંડિચેરીમાં તેણે ગુંડાઓ રોક્યા હતા. આ વાતની શ્રી અરવિંદના સાથીઓને કોઈક રીતે

ગંધ આવી ગયેલી. તેઓ તેનો પ્રતિકાર કરવા સજ્જ હતા. પરંતુ જે દિવસે આ યોજનાનો અમલ કરવાનો હતો તે જ દિવસે નંદગોપાલ સામે એકાએક કોઈ બીજા પ્રકરણ અંગે ધરપકડનું વૉરંટ નીકળ્યું અને તેને પોતાને જ મદ્રાસ ભાગી જવું પડેલું.

શ્રી અરવિંદ પોંડિચેરીમાં આવ્યા તે પહેલાં હિંદમાંથી કેટલાક ક્રાંતિકારીઓ રાજકીય આશ્રય માટે અહીં આવેલા હતા તેમાં કવિ સુબ્રહ્મણ્યમ ભારતી, શ્રીનિવાસાચારી, નામસ્વામી આયર, વી. રામસ્વામી આયંગર, વી. વી. ઐયર વગેરે હાજર હતા અને તેઓ શ્રી અરવિંદને ક્યારેક મળતા.

છૂપી પોલીસના માણસોએ શ્રી અરવિંદને સંડોવવા બીજી યોજના કરી. તેમણે શ્રી અરવિંદના એક મિત્ર વી. વી. એસ. ઐયરના ઘરના કૂવામાં એક પતરાના ડબ્બામાં રાજદ્રોહી સાહિત્ય ભરી નંખાવ્યું. અને બીજી બાજુ બાતમીદાર મારફત શ્રી અરવિંદ, વી. વી. એસ. ઐયર અને બીજાઓ સાથે મળીને ભયંકર કાવતરું રચી રહ્યા હોવાની ફ્રેન્ચ પોલીસના વડાને બાતમી મોકલી. વળી એમ પણ ઠસાવ્યું કે પુરાવા સાબૂત છે. ઝડતી થશે તો બધું બહાર પડી જશે. શ્રી અરવિંદના મકાન પર, ઐયરના મકાન પર દરોડાઓ પડ્યા. ઝડતીઓ થઈ. ઐયરના કૂવામાંથી પેલું નંખાવેલું સાહિત્ય મળી આવ્યું. ફ્રેન્ચ મૅજિસ્ટ્રેટ નૉંદો અને બીજા અધિકારીઓ શ્રી અરવિંદના રૂમમાં આવ્યા. ત્યાં ખાસ વાંધાજનક કાંઈ દેખાયું નહીં. એક ખાનામાં તેમણે ગ્રીક અને લૅટિનમાં લખાયેલા કાગળો જોયા. મોં નૉંદો શ્રી અરવિંદને મળ્યા. ગ્રીક લૅટિન ભાષા તેઓ જાણે છે કે કેમ એમ શ્રી અરવિંદને તેમણે પૂછ્યું અને શ્રી અરવિંદનો હકારમાં જવાબ મળતાં તેઓને આનંદાશ્ચર્ય થયું. કદાચ યુરોપની

કલાસિકલ ભાષા જાણકાર આવું વર્તન ન કરી શકે એવો તેમના મનમાં ખ્યાલ હોઈ શકે ! બધું તપાસ કરતાં છૂપી યોજનાનો ભાંડો ફૂટી ગયો. શ્રી અરવિંદ તરફ માન સહિત ઑફિસરો વિદાય થયા. મોં નોંદોએ તો શ્રી અરવિંદને મળવા આવવા માટે સામું આમંત્રણ આપ્યું અને શ્રી અરવિંદ તેમની કચેરી પર તેમને મળવા પણ ગયેલા.

ખુલના રહેવાંસી નગેન નાગ, શ્રી અરવિંદ સાથે રહેતા વિજય નાગના પિતરાઈ થતા હતા. તેઓ ક્ષયના દર્દી હતા. ડૉક્ટરે તેમને દરિયાકિનારે હવાફેર કરવાની સૂચના આપી હતી. વિજય નાગના કહેવાથી શ્રી અરવિંદની યોગશક્તિની મદદથી પણ એમને બીમારી મટી જાય નહીં તો હવાફેર તો થશે એમ વિચારી નગેન નાગે પોંડિચેરી આવવાનું નક્કી કર્યું. નગેન નાગ પોંડિચેરી જાય છે એમ જાણ થતાં ખુલનાથી બીરેન્દ્રનાથ રૉય કરીને એક નોકર પણ સાથે થયો. તે રસોઈયાનું, બજારનું અને બીજું ઘણું પરચૂરણ કામ પણ કરતો. બીરેન શ્રી અરવિંદના ઘરનું કામ પણ કરતો થઈ ગયો અને જાણે કે કુટુંબી જેવો બની ગયો. નગેન નાગ પોંડિચેરીમાં સારું લાગતાં ત્યાં વધુ રોકાયા. બીરેન ગમતું નથી એમ કહી પાછા ફરવા માટે ઉતાવળ કરવા લાગ્યો. બીરેનનું પાછા ફરવાનું નક્કી થયું એટલે તેણે માથું મૂંડાવી નાખ્યું. કોણ જાણે કેમ પણ સારાં કપડાંમાં હંમેશ ફરતા મોનીને પણ ટકોમૂંડો કરાવવાનો એકાએક તુક્કો સૂઝ્યો અને એણે પણ માથું મૂંડાવી નાંખ્યું. આ જોઈ બીરેન ચોંકી ગયો. પોતે માથું મૂંડાવ્યું એટલે મોનીએ પણ શા માટે માથું મૂંડાવી નાખવું જોઈએ ? નક્કી કાંઈ ભેદ છે એમ તેને થયું.

એક રાતના બધા બેઠા હતા ત્યાં તેણે આવીને ધડાકો કર્યો કે: ''હું સી.આઈ.ડી.નો માણસ છું.'' બધાને હસવું આવ્યું પણ એ ગંભીર થઈ ગયો અને કહેવા લાગ્યો: ''તમે નથી માનતા પણ એ વાત સાચી છે. મને નિયમિત રૂ. ૫૦ પગાર મળે છે.'' અને નીચે જઈ પોતાના પગારની રકમ લઈ આવ્યો. આવા સારા માણસ વિરુદ્ધ આવું કામ કરવા માટે તે બહુ શરમિંદો બની ગયો અને બધાને ભેટ્યો. શ્રી અરવિંદના ચરણ પાસે બેસી ગયો. રૂ. ૫૦ તેમને અર્પણ કર્યા અને લાગણીવશ થઈ રડવા લાગ્યો. વાતાવરણ એકદમ ગંભીર થઈ ગયું. તેણે કહ્યું: ''મારો સમય પૂરો થવાથી મારી બદલી મેં માંગી હતી, મારી જગ્યાએ સી.આઈ.ડી.નો બીજો માણસ આવવાનો હતો. તેને મારી ઓળખ પડે માટે મારે માથું મૂંડાવી નાખવાનું નક્કી થયેલું. મોનીએ પણ તરત જ તેમ કર્યું. વળી મોની વગેરેની વર્તણૂક પણ મને તેઓ જાણીને હકીકત છુપાવતા હોય તેવી લાગી. એટલે મને પાકો વહેમ ગયો કે હું સી.આઈ.ડી.નો માણસ છું તે બહાર પડી ગયું છે માટે મારે હવે એ વાત કબૂલ કરવી જોઈએ.'' શ્રી અરવિંદ બિલકુલ બોલ્યા નહીં. તેઓ તો જેવા હતા તેવા સ્વસ્થ જ રહ્યા. બીરેન ત્યાં બહુ ટકી શક્યો નહીં અને ચાલ્યો ગયો.

શ્રી અરવિંદની આજુબાજુના કોઈ માણસને બીરેન સી.આઈ.ડી.નો માણસ હોવાનો ક્યારેય વહેમ નહોતો ગયો. મોનીએ માથું મૂંડાવ્યું તે તો એક અકસ્માત જ હતો. પરંતુ હવે આપણે કહી શકીશું ખરા કે તે એકમાત્ર અકસ્માત જ હતો ?

આમ સી.આઈ.ડી.ના પ્રયત્નો વ્યર્થ થતા ગયા ત્યાં બીજી એક પરિસ્થિતિ પેદા થઈ. અંગ્રેજ સરકારના પુષ્કળ દબાણને

લઈને પોંડિચેરી દેશવટે રહેનાર દેશભક્તોને ફ્રેન્ચ સરકાર આશ્રય નહીં આપે એવી ખબર આવી. કવિ સુબ્રહ્મણ્યમ ભારતી, શ્રીનિવાસાચારી, શ્રી અરવિંદ વગેરેને માટે આ સ્થિતિ કટોકટીની હતી. ભારતી ખૂબ જ અકળાઈ ઉશ્કેરાઈ પણ ગયા હતા. એક દિવસ આવીને શ્રી અરવિંદને એમણે પૂછ્યું: ''તમે હિંદની બહાર જવાનું પસંદ કરો છો કે નહીં? તમારો એ વિશે શું અભિપ્રાય છે?''

શ્રી અરવિંદ એમની તરફ પીઠ ફેરવીને થોડી મિનિટ તદ્દન શાંત બેસી રહ્યા, પછી એમના તરફ ફરીને કહ્યું: ''મિ. ભારતી! હું પોંડિચેરીથી એક ઇંચ પણ ખસવાનો નથી. હું જાણું છું મને કશી અડચણ થશે નહીં. તમારે જે કરવું હોય તે તમે જાણો.'' ખૂબ દઢતાપૂર્વક ઉચ્ચારાયેલા આ શબ્દો સાંભળી ભારતી ત્યાંથી ખસી ગયા.

રહેવા માટે બદલાતાં રહેતાં મકાન, કપરી આર્થિક તંગી, સી.આઈ.ડી.ના માણસોની સતત સતામણ અને ત્રાસ, હિંદમાંથી રાષ્ટ્રને દોરવણી આપવા માટે પુનઃ પધારવા અનેક લોભામણાં નિમંત્રણો, ફ્રેન્ચ સરકાર પર અંગ્રેજ સરકારનું દબાણ અને વિસ્ફોટક પરિસ્થિતિની શક્યતા; આમ આ અને એવા બીજા તમામ બાહ્ય સંજોગોના ઉપરાછાપરી અને કદીક એકસામટા ભયંકર હુમલાઓની સામે પોતાના નિર્ધારમાં શ્રી અરવિંદ એક તસુ પણ વિચલિત નહીં થયા એ કાંઈ નાનીસૂની વાત ન હતી. Time spirit કાળપુરુષે મોકલી આપેલ તમામ કપરી કસોટીઓમાં તેઓ એક યોદ્ધાની જેમ અણનમ અને નીડર ઊભા રહ્યા. એટલું જ નહીં પણ આ તમામ સમય દરમિયાન તેમની સાધનાને ઊની આંચ પણ ન આવી અને તેઓ

અગ્નિતપ્ત સુવર્ણની કાંતિ શા એક અદ્‌ભુત તેજોમંડળથી દેદીપ્યમાન બની રહ્યા એ હકીકત સ્વયં ખૂબ જ ધ્યાનાકર્ષક છે. જાણે કે પેલું અચિંત્ય વ્યાપક તત્ત્વ તેમના સત્ત્વના કણેકણને ટીપીને પોતાને ગમતું રૂપ ન આપી રહ્યું હોય !

ઈ. સ. ૧૯૦૪થી શરૂ થયેલી એમની આંતરયાત્રા ઈ. સ. ૧૯૧૪માં અનેક સાક્ષાત્કારોનાં શિખરો સર કરતી કોઈક અગમ્ય માધુર્ય ધારણ કરી રહી હતી. પોતાને અનુભૂતિ પ્રાપ્ત પૂર્ણયોગનો જ્ઞાનપિંડ તેમના હૃદયાકાશમાં અષાઢના મેઘની જેમ ગોરંભાઈ રહ્યો હતો અને પૃથ્વીને તેની અમૃતધારાથી ભીંજવવા જાણે આતુર હતો.

ત્યાં તા. ૨૯મી માર્ચ, ૧૯૧૪ની ઢળતી બપોરે સાડા ત્રણના સમયે શ્રી અરવિંદના નિવાસસ્થાને એક ફ્રેન્ચ સન્નારી મીરા રિશાર શ્રી અરવિંદને મળવા આવ્યાં. આ મીરા તે બીજાં કોઈ જ નહીં પરંતુ જેઓ શ્રી અરવિંદ આશ્રમનાં અધિષ્ઠાત્રી બની રહેવાનાં હતાં અને શ્રી માતાજીના હુલામણા નામે જગપ્રસિદ્ધ થવાનાં હતાં તે ગુહ્યજ્ઞાનવિદ્‌, અપ્રકટ મહાયોગિની હતાં.

પહેલા જ મિલનમાં એમણે જોયું કે જે એક રૂપ તેમને તેમની સાધનામાં માર્ગદર્શન આપતું હતું અને જેને તેમણે શ્રી કૃષ્ણનું નામ આપ્યું હતું તે જ આ શ્રી અરવિંદ પોતે હતા.

તેમના અંતરમાં એક અદ્‌ભુત ભાવ પ્રગટ થયો અને તેમણે તત્ક્ષણ આંતરિક રીતે પોતાનું પૂર્ણ સમર્પણ શ્રી અરવિંદના ચરણે કરી દીધું.

શ્રી માતાજીએ પોતાની ડાયરીમાં બીજે દિવસે માર્ચની ૩૦મીએ લખ્યું કે:

''જગતમાં ભલે હજારો લોક અજ્ઞાનમાં ડૂબેલા હોય એની ચિંતા નથી. ગઈ કાલે અમને જેનું દર્શન થયું તે પૃથ્વી પર છે. એમની હાજરી પોતે જ એ વસ્તુને સિદ્ધ કરવાને પૂરતી છે કે એક દિવસ એવો આવશે કે જ્યારે ગહનમાં ગહન અંધકાર પ્રકાશમાં પલટાઈ જશે અને પૃથ્વી ઉપર તારું શાસન અવશ્ય સ્થપાશે.''

આમ જગત પર પ્રભુના શાસનને સ્થાપવાની પોતાના જીવનના લક્ષ્યની પણ સિદ્ધિ સિદ્ધ કરી આપે એવા પરમ પુરુષનાં શ્રી માતાજીને પોંડિચેરીમાં જ દર્શન થતાં પોતાના આધ્યાત્મિક ધ્યેયની સફળતાની ખોજ માટે ભારત-દર્શન કરવાની તેમના મનમાં જે એક કલ્પના હતી તે અહીં જ પરિપૂર્ણ થઈ ગઈ. બધાં તીર્થ અહીં એકઠાં થઈ ગયાં. અરુણોદયમાં જ એમને મધ્યાહ્નના સૂર્યનાં દર્શન થયાં અને તેમના ચરણ માટે પણ પોંડિચેરીની ધરતી જાણે તલસતી ન હોય તેમ તે પણ અહીં સ્થિર થયાં. છ વર્ષની એક ઘેરી તપશ્ચર્યા બાદ તે પણ અહીં જ સ્થાયી થયાં.

શ્રી અરવિંદે કહ્યું છે કે: ''શ્રી માતાજીની ચેતના અને મારી ચેતના એ બંને એક જ છે. એક જ દિવ્ય ચેતના બે રૂપે છે, કારણ કે જગતની લીલા માટે એની જરૂર છે. શ્રી માતાજીના જ્ઞાન વિના, તેમની શક્તિ વિના, તેમની ચેતના વિના કાંઈ પણ કરી શકાય તેમ નથી. જો કોઈને સાચેસાચ શ્રી માતાજીની ચેતનાનો અનુભવ થતો હોય તો તેણે જાણવું જોઈએ કે એ ચેતનાની પાછળ હું ઊભો છું અને જો કોઈને મારી અનુભૂતિ થતી હોય તો જાણવું કે તેની પાછળ શ્રી માતાજી છે.''

પૂર્વમાં જન્મી પશ્ચિમની સંસ્કૃતિનું આકંઠ પાન કરનાર શ્રી અરવિંદ અને પશ્ચિમમાં જન્મી પૂર્વની સંસ્કૃતિના પ્રભાવથી

પ્રથમથી જ પ્રભાવિત થનાર શ્રી માતાજી; અને એ બંનેનું કાળના એક મહત્ત્વના તબક્કે પોંડિચેરીમાં થયેલું મિલન એ જગતના આધ્યાત્મિક ઈતિહાસની એક અપૂર્વ ઘટના છે. શ્રીકૃષ્ણ અને અર્જુનનું કાળના એક વિશિષ્ટ કિનારે યુદ્ધભૂમિમાં સારથિ અને સેનાની તરીકે મિલન અને શ્રીમદ્ ભગવદ્ગીતાનો પ્રાર્દુભાવ, ભગવાન બુદ્ધનો ગૃહત્યાગ અને જિસસ ક્રાઈસ્ટનું શૂળી પર આરોહણ એ જેમ આધ્યાત્મિક ઈતિહાસનાં શાશ્વત સીમાચિહ્નો છે તેટલું જ મહત્ત્વ શ્રી અરવિંદ અને શ્રીમાના આ સનાતન મિલનનું છે.

આ મિલનમાંથી જગતને એક નૂતન આધ્યાત્મિક દર્શન પ્રાપ્ત થાય છે. અહીં પરંપરાનું પુનરાવર્તન નથી થતું, સ્વયં ભાગવત ચેતનાનો એક નૂતન પ્રાદુર્ભાવ સર્જાય છે. Matter and spirit – જડતત્ત્વ અને આત્મતત્ત્વ – એ બે એકબીજાથી વિરોધી તત્ત્વો તરીકે અહીં ગણાતાં નથી, પરંતુ પૂરક અને સંયોગી તત્ત્વો તરીકે અનુભવાય છે. ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન વચ્ચે યુગોથી પડેલી ઊંડી ખાઈ, આ દર્શનથી પુરાય છે અને પરમતત્ત્વને પૃથ્વી પર પ્રત્યક્ષ પ્રગટ થવાનો માર્ગ મોકળો થાય છે.

આત્મા તો મુક્ત છે જ અગર તો યોગ દ્વારા તેને મુક્ત કરી શકાય છે. એ સિદ્ધાંત તો સર્વસ્વીકૃત છે જ. પરંતુ 'પ્રકૃતિ તો જેવી છે તેવી જ રહેવા નિર્માયેલી છે. એનામાં કોઈ પરિવર્તનની શક્યતા જ નથી. એનું મૂળ બંધારણ જ એવું છે કે તેમાં કદી કાંઈ ફેર પડી શકે જ નહીં.' આવી માન્યતા સર્વત્ર દૃઢ થઈને બેઠેલી છે.

શ્રી અરવિંદનું સ્વાનુભૂતિ પ્રતિષ્ઠિત દર્શન આ હકીકતને અફર કે અનિવાર્ય તરીકે સ્વીકારવા તૈયાર નથી. ભગવાન, અગર તો ભાગવત ચેતના એ જો આ વિશ્વનું મૂળ બીજ હોય, અને પરમાત્માના વિશ્વરૂપ આવિર્ભાવ પાછળ આત્મા અને પ્રકૃતિ બંનેનું એકબીજા સાથેનું સંયોજન અનિવાર્ય હોય તો જેમ આત્મા મોક્ષનો અધિકારી છે તેમ પ્રકૃતિ પણ ચોક્કસ મોક્ષની અધિકારી છે. प्रकृति अपि मोक्षाधिकारिणो। એમ શ્રી અરવિંદનું દર્શન પ્રતિપાદન કરે છે. તેઓ ચેતનાના વિકાસક્રમનો એક નવીન સિદ્ધાંત સ્થાપે છે અને અનેક સાબિતીઓ આપી દઢતાપૂર્વક સમજાવે છે કે ભલે અત્યારે માનવપ્રકૃતિમાં અનેક પ્રકારનું અધૂરાપણું, ઊણપો, મર્યાદાઓ, બંધનશીલતા વગેરે અનુભવાય છે પણ આગળ વધતા વિકાસક્રમમાં એ પરિસ્થિતિમાં કોઈ જ ફેર ન પડી શકે કે કોઈ પરિવર્તન શક્ય જ ન બને એમ કઈ રીતે માની શકાય ? મૂળભૂત સત્યચેતના, સર્વશક્તિમાન હોવાનું બધાં જ દર્શનો સ્વીકારે છે. જે ચેતના સર્વશક્તિમાન છે તેને અશક્ય શું હોય ? સર્વશક્તિમાન સર્વ સંજોગોમાં સર્વશક્તિમાન જ રહે, સિવાય કે તે પોતે સ્વેચ્છાએ પોતાના પર નિયંત્રણ મૂકે. એક બાજુ એમ કહીએ કે ભાગવત ચેતના અગર તો સત્ય ચેતના સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વવ્યાપી છે અને બીજી બાજુ એમ કહીએ કે અમુક વસ્તુ બનવી શક્ય જ નથી તો કાં તો આપણું દર્શન અધૂરું રહે છે કે કાં તો તે સત્ તત્ત્વના સર્વશક્તિમાનપણામાં ખામી આવે છે.

શ્રી અરવિંદનો યોગ, કે જેનું નામ તેમણે 'પૂર્ણ યોગ' આપ્યું છે તે વ્યક્તિમાં અને સમષ્ટિમાં એક સમગ્ર પૂર્ણતાના આવિષ્કારનું દર્શન કરે છે. આ આવિષ્કાર એકાએક નથી બની

આવતો પરંતુ તે ક્રમિક વિકાસનું રૂપ લે છે.

શરૂમાં બધે જ પહેલાં જડતત્ત્વ પ્રગટ થાય છે. તે પછી વનસ્પતિસૃષ્ટિ તેમાંથી વિકસે છે. ત્યાર પછી પશુપક્ષીનો વિસ્તાર થાય છે. અને તે પછી આવે છે મનુષ્ય. આમ ભૌતિક પદાર્થમાંથી જીવનશક્તિ અને જીવનમાંથી મનશક્તિ સ્ફુરે છે. શું મનનો વિકાસ એટલે વિકાસક્રમની પૂર્ણતા? મનવાળો માનવ તો હજી બહુ અધૂરો છે. તે પ્રકૃતિનું ઉત્તમ રૂપ કેમ કરીને હોઈ શકે ? શું મનની શક્તિથી ઉપર વિકાસની કોઈ શક્યતા નથી ? શ્રી અરવિંદનું દર્શન સમજાવે છે કે મનથી ઉપર, મનથી ચડતી બીજી ઘણી શક્તિઓ આવી રહેલી છે જેમાંથી કોઈક કોઈકનો ક્યારેક ક્યારેક મનુષ્યને અનુભવ થાય છે. આ શક્તિઓ તે પ્રેરણાશક્તિ છે અને સહજ જ્ઞાન(intuition)ની શક્તિ છે. પરંતુ તેના તો ચમકારા જ અનુભવાય છે. તે વિશેષરૂપે સ્થાયી થઈ શકે અને મનુષ્યમાં તેવી શક્તિઓ ખીલવી શકાય ખરી ? શ્રી અરવિંદનું દર્શન કહે છે કે હા. આ શક્તિઓ અને તેથી પણ ઉપર આવી રહેલ અધિમનસ અને અતિમનસ શક્તિનો પણ મનુષ્યમાં વિકાસ થઈ શકે અને અપૂર્ણ મનુષ્ય અને મનુષ્યજાતિ એક માનવેતર જાતિમાં પોતાનું રૂપાંતર કરી શકે. આ રૂપાંતર સિદ્ધ કરી આપનાર મૌલિક શક્તિને તેઓ 'અતિમનસ' યાને 'supermind' કહે છે. એ શક્તિનું કાર્ય અહીં સિદ્ધ થતાં, પૃથ્વી પર અત્યારે જે તદ્દન વિરોધાભાસી માનવજીવન અનુભવાય છે તેને સ્થાને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સંવાદિતા અને પૂર્ણ પ્રેમનો અનુભવ થઈ શકે.

પરંતુ આપણું શંકાશીલ માનવમન ફરી ફરીને પ્રશ્ન ઉઠાવે જ કે શું આ બની શકે ખરું ?

શ્રી અરવિંદની વિચારધારા સહેજ અટકીને આપણને સામો સવાલ મૂકે છે કે પશુ અને માનવ વચ્ચે કેટલો મોટો તફાવત છે ? પરંતુ શું ઉત્ક્રાંતિમાં માનવનું ઘડતર પશુમાંથી નથી થયું ? જો પશુરૂપી જીવંત પ્રયોગશાળામાંથી મનુષ્યરૂપી બુદ્ધિશીલ અસ્તિત્વ પ્રગટ થઈ શકે તો મનુષ્યરૂપી જીવંત પ્રયોગશાળામાં મનુષ્યથી આગળ નીકળી જતો અતિમાનવ કેમ વિકસી ન શકે ? પરમાત્માની સત્‌ ચેતના માટે કશું જ અશક્ય નથી. પરમાત્મા પોતે આ વિશ્વમાં બીજરૂપે વવાયા છે તો ફળરૂપે તે જ પ્રગટ થશે. જેવું બી તેવું ફળ. આંબાના ફળના રોપામાંથી કેરી જ પમાય, તેમ વિશ્વમાં સ્વયં તે જ દેવરૂપ ધરી પ્રગટ થવાનો છે.

આ આખું કાર્ય પરમાત્માની શક્તિ સ્વયં, અવિરત કરી રહી છે અને ક્ષણેક્ષણ એનો સંકલ્પ, માનવને પોતાના મનના ચોકઠામાંથી બહાર નીકળવા પ્રેરી રહ્યો છે. મનુષ્યે તે પરિવર્તન માટે પોતાના સકલ સ્વરૂપમાં જાગ્રત થવાનું છે. તેણે એ રૂપાંતર માટે અભીપ્સા સેવવાની છે. પ્રકૃતિમાં અત્યારે ઘર કરીને બેઠેલી વિરોધી વૃત્તિઓનો પરિત્યાગ કરવાનો છે અને પોતાની જાતનું પ્રભુના કાર્ય માટે સંપૂર્ણ સમર્પણ કરવાનું છે.

આમ આ 'Triple awareness', 'ત્રિવિધ જાગૃતિ'ને વધુ ને વધુ એકાગ્ર કરતાં પરમાત્માની નિ:સીમ કૃપાથી મનુષ્યનું રૂપાંતર સિદ્ધ થઈ શકશે. પશુરૂપમાંથી માનવરૂપ પ્રગટ કરતાં પ્રકૃતિને જે લાખોનાં લાખો વર્ષ લાગ્યાં તેની સરખામણીમાં અત્યંત ટૂંકા ગાળામાં આ પરિવર્તન લાવી શકાશે.

જરૂર છે પરમાત્માની અતિમાનસ શક્તિ સાથે માનવના સહયોગની આ પૂર્ણતા તરફની અભિમુખતાની.

આમ શ્રી અરવિંદનું પૂર્ણ દર્શન અને પૂર્ણયોગ એકમેક સાથે સંપૂર્ણપણે સંકળાયેલાં છે. જેમ અગ્નિમાં તેની પ્રકાશની શક્તિ અને દાહક શક્તિ બંને અભિન્ન રીતે એકબીજા સાથે સંકળાયેલ છે તેમ જ્ઞાનની શક્તિ સાથે વસ્તુને રૂપ આપવાની શક્તિ પણ પૂર્ણયોગમાં અભિન્નરૂપે સંકળાયેલ છે.

શ્રી અરવિંદ સાથેના પોતાના પ્રથમ મિલન વિશે શ્રી માતાજી સ્વયં કહે છે:

> ''હું ઘણી ઊંડી એકાગ્રતામાં હતી અને અતિમાનસમાંની વસ્તુઓને જોઈ રહી હતી. એ બધી વસ્તુઓ ભાવિમાં બનવાની તો હતી જ. પરંતુ કોઈ કારણસર અત્યારે પ્રગટ થતી નહોતી. મેં જે જોયું તે મેં શ્રી અરવિંદને કહ્યું અને પૂછ્યું કે આ બધું પ્રગટ થશે કે નહીં ? શ્રી અરવિંદે માત્ર એટલો જ જવાબ આપ્યો, 'હા.' અને મેં તરત જ જોયું કે અતિમનસ પૃથ્વીને સ્પર્શ કરી ચૂક્યું હતું અને તેનો સાક્ષાત્કાર થવાનો આરંભ થઈ ગયો હતો ! અને આમ મેં પ્રથમ વાર જોયું કે સત્ય વસ્તુને વાસ્તવિક બનાવી આપનારી શક્તિ કઈ રીતની છે.''

શ્રી અરવિંદ અતિમનસ શક્તિની સમજ આપતાં જણાવે છે કે: અતિમનસ એટલે ''નરી સ્વયંભૂ સત્યચેતના અને સીધેસીધી આપોઆપ સફળ એવી સત્યની શક્તિ.'' વેદકાળના ઋષિઓ જેને ઋતચેતના અગર તો વિજ્ઞાનમય ચેતના કહી સંબોધતા હતા તે.

આમ શ્રી અરવિંદના પૂર્ણદર્શન અને પૂર્ણયોગનો અંકુર શ્રી અરવિંદ અને શ્રી માતાજીના પ્રથમ મિલનની ક્ષણે જ ફૂટી

આવ્યો. પેલા અચિંત્ય વ્યાપક તત્ત્વે પોતાનો સંકલ્પ સિદ્ધ કર્યો.

શ્રી માતાજી સાથે તેમના પતિ મૉં પોલ રિશાર પણ પોંડિચેરી આવ્યા હતા. તેઓ પણ શ્રી અરવિંદથી અને તેમના ચિંતનથી અત્યંત પ્રભાવિત થયા હતા. તેમણે અને માતાજીએ શ્રી અરવિંદ સમક્ષ પોતાના ક્રાન્તદર્શનને શબ્દદેહ આપવા માટે વિનંતી કરી અને તેના ખર્ચની બધી જવાબદારી તેઓએ સ્વીકારી. શ્રી અરવિંદ એ વિચાર સાથે સંમત થયા અને તેમના જન્મદિને – ૧૫મી ઑગસ્ટ ૧૯૧૪થી 'આર્ય' નામનું માસિક પોંડિચેરીથી પ્રસિદ્ધ થવા માંડ્યું.

આર્યદર્શન, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની પરંપરા જે વેદમાં પ્રભવ પામી, ઉપનિષદમાં સુસ્થિર અને એકાગ્ર થઈ અને ગીતામાં વ્યાપક રૂપ ધારણ કરી અખિલ માનવજાતિને દરેક યુગમાં તેનો શાશ્વત છતાં સદાનૂતન સંદેશ આપી રહી છે તે પરંપરાના વર્તમાન યુગના શ્રી અરવિંદ એક મહત્તમ પ્રતિનિધિ છે. પોતાની અપૂર્વ આધ્યાત્મિક અનુભૂતિ પર સુપ્રતિષ્ઠિત રહી તેમણે વેદ, ઉપનિષદ અને ગીતા ઉપર પોતાના તે વિષયો ઉપરના વિવિધ ગ્રંથોમાં જે સ્ફટિક શો પારદર્શક પ્રકાશ નાખ્યો છે તે અનન્ય છે. એટલું જ નહીં પણ તે મહાન ગ્રંથોનાં અંતરતમ રહસ્યોને એટલી વિશદતાથી ખુલ્લાં કરે છે કે તે ગ્રંથોના સત્યમાં આપણને અનાયાસ પ્રવેશ મળી જાય છે, જાણે કે ભારતના અખિલ આધ્યાત્મિક વારસાના આપણે સાહજિક વારસદાર બની જઈએ છીએ. અને એ આર્ષ ગ્રંથો આપણું જીવનામૃત બની જાય છે. આમ આપણા અત્યંત તેજસ્વી આધ્યાત્મિક-સાંસ્કૃતિક વારસાને જીવંત કરતી અને સારીયે

માનવજાતને તેથીયે ઉજ્જ્વળ એવા તેના નૂતન ભાવિનું અનુપમ દર્શન કરાવતી પરમા વાચાએ શબ્દદેહ ધારણ કર્યો. 'લાઈફ ડિવાઈન', 'સિન્થેસીસ ઑફ યોગ', 'એસેઝ ઑન ધી ગીતા', 'હ્યુમન સાઈકલ' અને 'આઈડિયલ ઑફ હ્યુમન યુનિટી' વગેરે તેમના દર્શનને મૂર્તિમંત કરતા ગ્રંથોનાં શ્રેણીબદ્ધ પ્રકરણો આ માસિકમાં પ્રગટ થવા માંડ્યાં. શ્રી અરવિંદની એકલાની કલમે લખાતું આ માસિક ૧૯૨૦ સુધી પ્રતિમાસ પ્રગટતું રહ્યું અને તેની આવશ્યકતા પૂર્ણ થતાં તે બંધ કરવામાં આવ્યું.

પૉલ રિશાર અને શ્રી માતાજી ૨૯મી માર્ચ પછી શ્રી અરવિંદને લગભગ રોજ મળતાં રહ્યાં. રવિવારે સાંજે શ્રી અરવિંદ અને તેમના સાથીઓને તેઓ પોતાને ત્યાં જમવા માટે નોતરતા અને આખી સાંજ બધા સાથે ગાળતા અને કદીક મોડે સુધી વાર્તાલાપ ચાલતો.

કસોટીનો કાળ પૂરો થયો હતો. પ્રભુની લીલા અને અદ્ભુત આશ્ચર્યોને અભિવ્યક્ત કરવાના કાળનો આરંભ થયો. પેલું અચિંત્ય વ્યાપક તત્ત્વ જાણે કે હવે શ્રી અરવિંદ સાથે સંપૂર્ણ એકરૂપતા પામ્યું.

શ્રી અરવિંદના સાથીઓ સાહજિક રીતે જ તેમના પ્રથમ શિષ્યો બની રહ્યા. ખૂબીની વાત તો એ છે કે ગુરુપણાનો ભાવ શ્રી અરવિંદે કદી પોતાના સાથીઓ સમક્ષ પહેલાં દર્શાવ્યો ન હતો. એક વખત એવું પણ બનેલું કે અકસ્માત્ અમૃતાનો પગ શ્રી અરવિંદને લાગી ગયો. તરત તેઓ ખુરશીમાં ટટાર થઈ ગયા અને અમૃતાને કહેવા લાગ્યા: 'તમારી ક્ષમા' માગું છું.

'આર્ય'ના અંકો બહાર પડવા લાગ્યા અને શ્રી અરવિંદની કાન્તદર્શી વાણી ચારે દિશાએ ગુંજવા લાગી. એટલામાં પહેલું

વિશ્વયુદ્ધ જાહેર થયું અને રિશાર દંપતીને એકાએક પોંડિચેરી છોડવું પડ્યું. યુદ્ધનાં વરસો દરમિયાન શિષ્યો ગુરુચરણે આવતા રહ્યા, મુલાકાતીઓ મળતા રહ્યા અને એક નાનોશો આશ્રમ મંડાયો.

શ્રી માતાજી પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થતાં ફ્રાન્સ થઈ તા. ૨૪મી એપ્રિલ, ૧૯૨૦ને દિને પુનઃ પોંડિચેરી આવી રહ્યાં. સમય ઝડપથી પસાર થતો જતો હતો. શ્રી અરવિંદ પોતાની સાધનાના માર્ગમાં અક્ષુણ્ણપણે લાગી રહેલ હતા અને ૨૪મી નવેમ્બર, ૧૯૨૬નો સૂર્ય ઊગ્યો. તે દિવસે, અત્યાર સુધીમાં થયેલા તમામ સાક્ષાત્કારોની ચરમ સીમારૂપ એક સાક્ષાત્કાર શ્રી અરવિંદને થયો. અલિપોર જેલમાં ૧૯૦૯માં वासुदेवः सर्वम् એ રીતનો શ્રીકૃષ્ણ ચેતનાનો સાક્ષાત્કાર તેમને થયો હતો. આ દિવસે એ કૃષ્ણચેતનાનો - અધિનિયમ ચેતનાનો - તેમને છેક શારીરિક કોષ સુધીના અવતરણનો અન્ય સાક્ષાત્કાર થયો એ એક અદ્‌ભુત વરદાન હતું, એ એક અપ્રતિમ સિદ્ધિ હતી.

પરંતુ તેથી સિદ્ધોના સિદ્ધ શ્રી અરવિંદ તે અનુભૂતિ આગળ અટકી ગયા નહીં, અતિમનસ ચેતનાના પૃથ્વીતલ પર અવતરણના કાર્યમાં તેઓ લાગેલા જ રહ્યા. આ સાક્ષાત્કાર જે અધિમનસ ચેતનાનો હતો તેની ઉપર અતિમનસ ચેતનાનો પ્રદેશ આવી રહેલો હતો.

શ્રી રામકૃષ્ણ પરમહંસે એક સુંદર ટુચકો કહ્યો છે. એક નાના અમથા ખાબોચિયામાં હાથીનો અછડતો એક પગ પણ લાગે તો તે છલકાઈ જાય, પરંતુ વિશાળ સરોવરમાં હાથીનાં ઝુંડનાં ઝુંડ ઊતરી આવે તોયે તે ન ઊછળે, ન છલકાય. મહાન ગુરુઓને ...જવા માટે ઉપરનું ઉદાહરણ ખૂબ ઉપયોગી થઈ પડશે.

ભગવાન શ્રીકૃષ્ણનું ગીતાભાખ્યું સૂત્ર:

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि॥

એ શ્રી અરવિંદની જીવનચર્યાને પૂરેપૂરું બંધબેસતું આવતું હતું. શ્રી અરવિંદને પોતાને માટે કશું પ્રાપ્ત કરવાનું હતું નહીં. ક્યારનુંયે જે કાંઈ મેળવવા યોગ્ય હતું તે મેળવાઈ ચૂક્યું હતું. કિન્તુ જગતથી અજાણ, જગતના કલ્યાણ માટે તેઓ નિરંતર ઝઝૂમી રહ્યા હતા. પ્રગાઢ મૌનમાં તેઓ એક વિરાટ કાર્ય કરી રહ્યા હતા.

શ્રી અરવિંદ આશ્રમમાં ૨૪મી નવેમ્બરનો દિવસ પ્રતિવર્ષ સિદ્ધિદિન તરીકે ઊજવાય છે. ૧૯૨૬ના આ મંગલ દિવસથી આશ્રમનાં અધિષ્ઠાત્રી તરીકે શ્રી માતાજીને શ્રી અરવિંદે આગળ કર્યાં અને આશ્રમનું સંચાલન શ્રી માતાજી હસ્તક સોંપ્યું. તેઓ પોતે રૂપાંતરના યોગના મહાન કાર્ય માટે એકાંત-સ્થિત થયા.

આમ તેઓએ આશ્રમના અંતેવાસીઓને અને મુલાકાતીઓને મળવાનું બંધ કર્યું પરંતુ તેમના અસંખ્ય પત્રોના જવાબો આપતા રહ્યા. પોતાના सावित्री મહાકાવ્યના સર્જનને આગળ વધારતા રહ્યા અને સૌથી અધિક, દિવસ કે રાત જોયા વગર પોતાના લક્ષિત કાર્યમાં જોડાયેલા રહ્યા. વર્ષના ચાર દિવસોએ શ્રી અરવિંદ અને શ્રી માતાજી સાથે, આશ્રમના અંતેવાસીઓને અને મુલાકાતીઓને દર્શન આપતાં. તેઓ પોતાના ખંડના એક ઓરડામાં સોફા પર બેસતાં અને તેમની નજીકથી એક પછી એક મૌનમાં પ્રણામ કરી બધા પસાર થતા. આ ચાર દિવસો તે શ્રી અરવિંદનો જન્મદિવસ ૧૫મી ઑગસ્ટ, શ્રી માતાજીનો જન્મદિવસ ૨૧મી ફેબ્રુઆરી, સિદ્ધિદિન ૨૪મી નવેમ્બર અને

માતાજી હંમેશને માટે પોંડિચેરીમાં સ્થાયી થયાં તે ૨૪મી એપ્રિલ.

આશ્રમના અંતેવાસી તરીકે દાખલ થવા માટે શ્રી અરવિંદ અને શ્રી માતાજીની અગાઉથી પરવાનગી મેળવવાની પ્રાથમિક આવશ્યકતા રહેતી. અત્યારે બધે જ શિષ્યોની સંખ્યા વધારવા તરફ અને વધુ ને વધુ ચેલા બનાવવા તરફ ગુરુઓ, એકબીજાની સાથે સ્પર્ધામાં ઊતરેલા દેખાય છે ત્યારે શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ અપનાવેલ પદ્ધતિ ખાસ ધ્યાન ખેંચનારી બની રહે છે. તેમની પરવાનગી મેળવી આશ્રમમાં અંતેવાસી તરીકે જોડાયેલા શિષ્યોની સંખ્યા કરતાં કદાચ તેઓએ પરવાનગી ન આપ્યાના, અગર તો શિષ્ય જ્યાં હોય ત્યાં રહી તેમને યોગ ચાલુ રાખવાની સલાહ આપ્યાના દાખલાઓની સંખ્યા વધારે હશે. આશ્રમમાં દાખલ થયા પછી સાધકે ત્રણ જ શરતોનું મુખ્યત્વે પાલન કરવાનું રહેતું: (૧) બ્રહ્મચર્ય (૨) કેફી પીણાંનો ત્યાગ અને (૩) રાજકારણથી અલિપ્તતા.

શ્રી અરવિંદના પૂર્ણયોગની સાધનામાં વ્યક્તિ જેટલી જ Collectivityની, સાંઘિક સમાજની અગત્ય છે. અને તેથી કોઈ ને કોઈ રૂપના સાંઘિક કર્મમાં સાધકો જોડાતા. શારીરિક કસરતો, રમતગમત અને ધ્યાન તો સામૂહિક ખરાં જ. બધાએ એક રસોડે જમવાનું અને સર્વ કર્મ સમર્પણભાવે જ થતાં એટલે પૈસા પર નિર્ભર કોઈ વ્યવહાર નહીં હોવાથી આશ્રમમાં જોતજોતામાં અનેકવિધ ખાતાંઓ ખૂલતાં ગયાં. બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન અને સાળખાતાથી માંડીને ટાઈલ્સ, કાર્પેન્ટ્રી અને બગીચાઓ સુધીના કુલ ૩૭ ઉપરાંત વિભાગો ખૂલ્યા. શાળાઓ અને લાઈબ્રેરી ખૂલી, રમતગમતનાં મોટાં મેદાનો અને રહેઠાણ તથા

અતિથિઓ માટેના આવાસો પણ બંધાયાં. આશ્રમવાસીઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહી. આમ આશ્રમ પોતે શ્રી અરવિંદ દર્શનની તથા પૂર્ણયોગની એક સક્રિય Dynamic પ્રયોગશાળા બની રહ્યો.

શ્રી અરવિંદ અને શ્રી માતાજીની ચેતનાથી સભર એવા આશ્રમનું વાતાવરણ હરેક મુલાકાતીને કોઈ ને કોઈ રીતે સ્પર્શતું રહ્યું અને તેનામાં રહેલ અધ્યાત્મબીજને જગવતું રહ્યું.

'Bees swarm where the lotus is.' જ્યાં કમળ હોય ત્યાં ભ્રમરો એકઠા થઈ જાય છે. તેમ શ્રી અરવિંદ અને શ્રી માતાજીની હાજરીએ દુનિયાને ખૂણે ખૂણેથી અભીપ્સુઓને આકર્ષ્યાં.

આમ જ્યારે આશ્રમ બધી રીતે ધમધમતો હતો ત્યાં એકાએક ઈ. સ. ૧૯૩૮માં શ્રી અરવિંદને ઠેસ વાગી પડી જતાં તેમના પગના હાડકાને ઈજા થઈ. અને તેમની સારવાર માટે કેટલાક સાધકોને તેમની તહેનાતમાં રહેવાની રજા મળી. 'સાંધ્ય વાર્તાલાપ' શીર્ષક હેઠળના પુસ્તક-લેખનની સામગ્રી તેમના શિષ્ય અંબુભાઈ પુરાણી અને ડૉ. નિરોદ બરનને આ ગાળામાં મળી. ઠીક ઠીક સારવારને અંતે શ્રી અરવિંદ સારા થયા અને પહેલાંની જેમ પોતાના કાર્યમાં લાગી ગયા. પરંતુ તેમનું વિશેષ લક્ષ્ય તેમના મહાકાવ્ય 'સાવિત્રી'ને પૂરું કરવા તરફ ઢળ્યું.

'શ્રી અરવિંદનાં નાનાંમોટાં એકસો પુસ્તકો તો પ્રગટ થઈ ચૂક્યાં હતાં. હવે આ ૧૦૧મું પુસ્તક તેમણે હાથમાં લીધું. એક મહાઅવધૂતની જેમ તેઓ જીવનમુક્ત હતા તો એક મહાકવિની જેમ તેઓ જીવન અનુરાગી હતા. તેમને જગતને એક અભિનવ સંદેશ આપવો હતો. જગતને ભાવિનો પયગામ બક્ષવો હતો. સારીયે માનવજાતિને એક નવા જીવનપ્રસ્થાન માટે દીક્ષિત કરવી

હતી. અને. . . सावित्री મહાકાવ્યની સેંકડો પંક્તિઓ તેમને મુખેથી જલપ્રપાત જેમ વહેવા લાગી. 'સાવિત્રી' મહાકાવ્ય પૂરું થયું.

અને શ્રી અરવિંદનું તેનાથીયે મહાન જીવનકાવ્ય પૂર્ણ થવાની અણી પર આવીને ઊભું રહ્યું.

શ્રી મા આશ્રમનું કાર્ય દિવસરાત ઉકેલતાં રહેતાં હતાં. મોટા ભાગના આશ્રમવાસીઓ શ્રી અરવિંદ શું નિર્ણય લઈ રહ્યા હતા તેનાથી અજાણ હતા. તેમણે અગાઉ શ્રી માને કહેલું કે આપણા કાર્યની પૂર્ણતા માટે મારે જવું પડશે. શ્રી માએ પોતે જવાનું સૂચન કર્યું. તેનો ટૂંકાક્ષરી જવાબ આપી વાત ત્યાં અટકાવી દીધી હતી.

શું એ વખત પાસે આવી રહ્યો હતો ? માંદગી આવી. શ્રી મા અને નિકટના બધા સ્તબ્ધ થઈ ગયા. શ્રી મા કહે કે તેઓ ધારે તો આ માંદગીને તાત્કાલિક વિદાય દઈ શકે. તેમણે વીનવ્યા. શ્રી અરવિંદ અડગ રહ્યા. માંદગી ચાલુ હતી અને જાણે તેઓ માંદા પડ્યા જ નથી અને બીમારી છે જ નહીં તેમ તેઓ પોતાની સોફાખુરશી પર એક દિવસ જઈને બેઠા. બધાની સાથે વાત કરી. વર્ષો પર્યંત ભક્તિપૂર્વક પોતાની એકધારી સેવા કરનાર શ્રી ચંપકલાલ પુરાણી પર ખૂબ વહાલ વરસાવ્યું અને પછી પોતાના પલંગ પર આંખ મીંચીને સૂઈ ગયા. તા. ૫-૧૨-૧૯૫૦ની વહેલી પ્રભાતે ૧.૩૦ વાગ્યે તેમણે દેહ છોડી દીધો.

આશરે ૧૫૦૦ અંતેવાસીઓ અને જગતમાં ચારે દિશામાં ફેલાયેલા તેમના બહોળા શિષ્યસમુદાયે સખત આંચકો ખાધો. શ્રી મા બધાંને હૂંફ આપતાં, વાત્સલ્ય વહેતાં તેમની પાસે જ ઊભાં હતાં. મૃત્યુ સમયે શ્રી અરવિંદના દેહમાંથી એક ચૈતન્યનો

પ્રવાહ શ્રી માના મસ્તકમાં પ્રવેશ્યો અને જેને 'પ્રકાશનું મન' કહે છે તે મનમાં, માના પાર્થિવ મનનું રૂપાંતર થઈ ગયું. શ્રી અરવિંદનો પાર્થિવ દેહ જ્યોતિના અંબાર છલકતો હતો. શ્રી માતાજીએ કહ્યું: ''જ્યાં સુધી દેહ પ્રકાશ રેલતો રહેશે ત્યાં સુધી એ દર્શન માટે ખુલ્લો રહેશે.'' દુનિયાને બધે કિનારેથી શિષ્યસમુદાય શ્રી અરવિંદનાં છેલ્લાં દર્શન પ્રાપ્ત કરવાને ઊમટી પડ્યો. ૧૧૧ કલાક સુધી તેમનો દેહ તે પ્રકાશથી આલોકિત રહ્યો. તા. ૯-૧૨-૧૯૫૦ને દિને શ્રી અરવિંદના દેહને આશ્રમના ચોગાનમાં ઘેઘૂર 'સર્વિસ' વૃક્ષની છાયા નીચે ધરતીમાં મૂક્યો. શ્રી માતાજીની સૂચના પ્રમાણે એક સમાધિ ત્યાં રચાઈ ગઈ. સમાધિ પર અસંખ્ય પુષ્પોથી અંજલિ અપાઈ. સમાધિની આજુબાજુ સર્વત્ર ધૂપ પ્રસરી રહ્યો. વાતાવરણ સમૂહધ્યાનથી ભર્યું ભર્યું થઈ ગયું. માએ શ્રી અરવિંદના પાર્થિવ દેહને અંજલિ આપી:

> ''અમારા ગુરુના નિવાસરૂપ બનેલા હે પાર્થિવ આવરણ, તારા અમે અનંત ભાવે કૃતજ્ઞ છીએ. અને હે ગુરુ, નમન છે અમારાં આપને ચરણે. હે ગુરુ ! આપે અમારે માટે કેટકેટલું કર્યું છે? આપે કાર્ય ઉપાડ્યું. જંગ ખેડ્યા, ઘા વેઠ્યા, આશાઓ સેવી અને કેટકેટલુંયે આપ તપ્યા? હે ગુરુ, આપે વિશ્વની સકલ સિદ્ધિને માટે સંકલ્પ સેવ્યો, એ સર્વને સિદ્ધ કરવાની સાધના આદરી, તૈયારી કરી અને અમારે માટે સર્વ કાંઈ સિદ્ધ કરી આપ્યું. આપને અમારાં નમન છે. પ્રાર્થના છે કે આપના પ્રતિનું અમારું આ સર્વ ઋણ અમે કદી પણ, એક ક્ષણ માટે પણ, વીસરીએ નહીં.''

શ્રી અરવિંદના બૃહત્ દર્શનને બે વાક્યના મર્મસ્પર્શી સંપુટમાં મૂકી આપતાં શ્રી માતાજી કહે છે:

''સાચી આધ્યાત્મિકતા જીવનના પરિત્યાગમાં નથી, પરંતુ દિવ્ય પૂર્ણતાથી જીવનને સભર કરવામાં છે.''

''દિવ્ય ચૈતન્યમાં આત્મવિલોપન એ આપણું લક્ષ્ય નથી. દિવ્ય ચૈતન્યનો આપણા અણુએ અણુમાં અંત:પ્રવેશ અને તેનું રૂપાંતર એ આપણું ધ્યેય છે.''

આ રૂપાંતરની પ્રક્રિયાની સિદ્ધિ સાવિત્રીને શી રીતે પ્રાપ્ત થઈ તે વર્ણવતાં શ્રી અરવિંદ સાવિત્રીના મુખે મહાકાવ્યમાં જણાવે છે કે:

"Awakened to the meaning of my heart
That to feel love and oneness is to live
And this the magic of our golden change
Is all the truth I know or seek, O sage."

ૐ

શાંતિ: શાંતિ: શાંતિ:

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

**ISBN 81-7229-237-6 (set)**